

PRGI No. GUJGUJ/2008/26148

# ગરવી ગુજરાત

ગરવી ગુજરાત

PUBLISHED GUJARATI DAILY FROM AHMEDABAD

Volume : 18
Issue : 291
Dt.: 02-07-2026,
Thursday
Page : 04
Rs.00.50 paisa


# દિલ્હી-મુંબઈ એક્સપ્રેસ વે પર બસ-ટ્રેલર વચ્ચે ભયાનક અકસ્માતઃ ૭ના મોત

(સંપૂર્ણ સમાચાર સેવા)નવી દિલ્હી

દિલ્હી-મુંબઈ એક્સપ્રેસવે પર મંગળવાર અને બુધવારની મધ્યરાત્રિએ એક કાળજું કંપાવી દેનારો માર્ગ અકસ્માત સર્જાયો છે. હરિદ્વારથી ઈન્દોર જઈ રહેલી એક મુસાફરોથી ભરેલી બસ બેકાબૂ થઈને ટ્રેલર (ટ્રક) સાથે અથડાઈ હતી અને જોતજોતામાં તેમાં ભીષણ આગ લાગી ગઈ હતી. આ દર્દનાક દુર્ઘટનામાં મૃત્યુઆંક વધીને ૭ થઈ ગયો છે, જ્યારે ૨૨ જેટલા મુસાફરો ઈજાગ્રસ્ત થયા છે. બસમાં કુલ ૩૭ મુસાફરો સવાર હોવાનું જાણવા મળ્યું છે.પોલીસના જણાવ્યા અનુસાર, રાત્રે આશરે ૨:૩૦ વાગ્યે કોલવા પોલીસ સ્ટેશન વિસ્તાર નજીક આ અકસ્માત સર્જાયો હતો. ટક્કર એટલી જોરદાર હતી કે આગ મિનિટોમાં જ આખી બસમાં ફેલાઈ ગઈ હતી અને બસનો મોટો ભાગ બળીને ખાખ થઈ ગયો હતો.એડિશનલ એસપી યોગેન્દ્ર ફોજદારે જણાવ્યું કે, આ દુર્ઘટના એક્સપ્રેસવે પર આવેલા રેસ્ટ એરિયા પાસે થઈ હતી. શરૂઆતની માહિતીમાં ૨ લોકોના મોત અને ૧૭ લોકો ઈજાગ્રસ્ત હોવાની આશંકા હતી, પરંતુ બાદમાં ૬ મૃતદેહોને હોસ્પિટલ ખસેડવામાં આવ્યા હોવાની પુષ્ટિ થઈ હતી. ત્યારબાદ, સારવાર દરમિયાન ડૉક્ટરોએ વધુ એક મુસાફરના મોતની પુષ્ટિ કરતાં કુલ મૃત્યુઆંક ૭ પર પહોંચ્યો છે. દૌસાના એસપી પીયૂષ દીક્ષિત પણ તાત્કાલિક ઘટનાસ્થળે પહોંચી ગયા હતા અને રાહત તેમજ બચાવ કામગીરીની જાતે દેખરેખ રાખી રહ્યા છે. ફાયર બ્રિગેડની ગાડીઓએ ઘટનાસ્થળે પહોંચીને આગ પર કાબૂ મેળવ્યો હતો.ઘટનાના પ્રત્યક્ષદર્શીઓના જણાવ્યા અનુસાર, રાત્રે અઢી વાગ્યાની આસપાસ હરિદ્વાર તરફથી આવી રહેલી બસ અચાનક નિયંત્રણ ગુમાવી બેઠી હતી અને આગળ જતાં ટ્રેલર સાથે ધડાકાભેર અથડાઈ હતી.

ટક્કર થતાં જ બસમાંથી ધુમાડાના ગોટેગોટા નીકળવા લાગ્યા અને જોતજોતામાં આગે વિકરાળ સ્વરૂપ ધારણ કરી લીધું. ઈજાગ્રસ્તોને તાત્કાલિક નજીકની હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા છે, જ્યાં તેમની સારવાર ચાલી રહી છે. હોસ્પિટલના સૂત્રોના જણાવ્યા અનુસાર, કેટલાક મુસાફરોની હાલત હજુ પણ ગંભીર છે.



# અફઘાનિસ્તાને લીધો બદલોઃ પાકિસ્તાનમાં ISISના ઠેકાણાઓ પર ડ્રોન વડે હવાઈ હુમલા કરાયા

(સંપૂર્ણ સમાચાર સેવા)ઈસ્લામાબાદ

પડોશી દેશ પાકિસ્તાન અને અફઘાનિસ્તાન વચ્ચેનો સૈન્ય સંઘર્ષ હવે ચરમસીમાએ પહોંચતા સ્થિતિ ભારે તણાવપૂર્ણ બની ગઈ છે. અફઘાનિસ્તાનની તાલિબાન સરકારે એક ચોંકાવનારો દાવો કરતા જણાવ્યું છે કે, તેણે પાકિસ્તાની સરહદની અંદર ઘૂસીને આતંકી સંગઠન ISIS-Kના ઠેકાણાઓ પર એક મોટી એરસ્ટ્રાઈક કરી છે. તાલિબાનના મતે, પાકિસ્તાન સ્થિત આ ઠેકાણાઓ પરથી અફઘાનિસ્તાનના નાગરિકો પર હુમલો કરવાનું મોટું ષડયંત્ર રચવામાં આવી રહ્યું હતું. પાકિસ્તાન દ્વારા બે દિવસ પહેલા કરવામાં આવેલા હવાઈ હુમલા બાદ તાલિબાને આ જવાબી કાર્યવાહી કરી હોવાનું સામે આવ્યું છે, જેના કારણે બંને દેશો વચ્ચે તણાવ ચરમસીમાએ પહોંચ્યો છે.તાલિબાનના જણાવ્યા અનુસાર, આ મોટી સૈન્ય કાર્યવાહી પાકિસ્તાનના બલૂચિસ્તાન અને ખૈબર પખ્તુનખ્વા પ્રાંતમાં કરવામાં આવી છે. અફઘાનિસ્તાનબ મીડિયા રિપોર્ટ્સમાં પણ આ અહેવાલની પુષ્ટિ કરવામાં આવી છે. અહેવાલો મુજબ, તાલિબાનના ડ્રોન વિમાનોએ સીધા એ જ ઠેકાણાઓને નિશાન બનાવ્યા હતા જ્યાં ISIS-Kના આતંકીઓ છુપાયેલા હતા. આ ઓપરેશન દરમિયાન ખૈબર પખ્તુનખ્વાના સરાન વિસ્તારમાં આવેલી એક સ્કૂલ સંપૂર્ણપણે કાટમાળમાં ફેરવાઈ ગઈ હતી, કારણ કે આતંકીઓ તેનો ઉપયોગ પોતાના ગુપ્ત ઠેકાણા તરીકે કરી રહ્યા હતા. તાલિબાને સ્પષ્ટ કર્યું છે કે આ હુમલામાં અનેક આતંકીઓ માર્યા ગયા છે, જ્યારે કોઈ પણ સામાન્ય નાગરિકને નુકસાન થયું નથી.તાલિબાનનું આ આક્રમક પગલું રવિવારે પાકિસ્તાન દ્વારા કરવામાં આવેલી બોમ્બમારોનો સીધો પલટવાર માનવામાં આવે છે. ઉલ્લેખનીય છે કે, બે દિવસ પહેલા પાકિસ્તાને અફઘાનિસ્તાનની સરહદમાં ઘૂસીને શ્રેણીબદ્ધ હવાઈ હુમલા કર્યા હતા. સંયુક્ત રાષ્ટ્ર (UNAMA)ના એક અહેવાલ અનુસાર, પાકિસ્તાનની એ કાર્યવાહીમાં ઓછામાં ઓછા 28 નિર્દોષ લોકોના મોત થયા હતા અને અનેક લોકો ઘાયલ થયા હતા.બીજી તરફ, અફઘાનિસ્તાનના સરકારી પ્રવક્તા હમદુલ્લાહ ફિતરતે મૃતક નાગરિકોની સંખ્યા 38 જણાવી હતી, જેમાં મહિલાઓ અને બાળકો પણ સામેલ હતા. તાલિબાનનો આ તાજો હુમલો પાકિસ્તાનની એ જ કરતૂતનો જડબાતોડ જવાબ છે.આ ગંભીર મામલે સોમવારે ભારતે પણ ખૂબ જ કડક પ્રતિક્રિયા આપી છે. ભારતીય વિદેશ મંત્રાલયે સત્તાવાર નિવેદન જાહેર કરીને અફઘાનિસ્તાન પર થયેલા પાકિસ્તાની હુમલાની આકરા શબ્દોમાં નિંદા કરી છે. ભારતનું કહેવું છે કે, કોઈપણ દેશની સરહદમાં ઘૂસીને હુમલો કરવો એ તેના સાર્વભૌમત્વનું સીધું ઉલ્લંઘન છે, જેનાથી સમગ્ર વિસ્તારની શાંતિ જોખમાય છે. ભારતે પાકિસ્તાન પર પ્રહારો કરતા સાફ શબ્દોમાં જણાવ્યું કે, પાકિસ્તાન પોતાની આંતરિક નિષ્ફળતાઓ પરથી જનતાનું ધ્યાન ભટકાવવા માટે હંમેશા પડોશી દેશો પર આવા હુમલા કરતું આવ્યું છે.હાલની પરિસ્થિતિ જોતા પાકિસ્તાન હંમેશની જેમ અફઘાનિસ્તાન પર આતંકીઓને આશરો આપવાનો આરોપ લગાવી રહ્યું છે, જ્યારે તાલિબાનનું સ્પષ્ટ કહેવું છે કે આતંકવાદ એ પાકિસ્તાનની પોતાની જ પેદા કરેલી આંતરિક સમસ્યા છે. હવે તાલિબાનની આ તાજી એરસ્ટ્રાઈક બાદ બંને દેશો વચ્ચે સીધા યુદ્ધ ફાટી નીકળવાનું જોખમ અનેકગણું વધી ગયું છે, જેના પર સમગ્ર વિશ્વની નજર ટકેલી છે.

# ભારત અંગે ટ્રમ્પ સરકારનો નિર્ણય, ૪ કંપની સામેથી પ્રતિબંધ હટાવ્યા

(સંપૂર્ણ સમાચાર સેવા)વોશિંગ્ટન

ટ્રેડ ડીલને અંતિમ સ્વરૂપ આપવાની તૈયારીઓ વચ્ચે, યુનાઈટેડ સ્ટેટ્સે ભારતીય કંપનીઓને નોંધપાત્ર રાહત આપી છે. અહેવાલ છે કે ચાર કંપનીઓને ટ્રેઝરી પ્રતિબંધોની યાદીમાંથી દૂર કરવામાં આવી છે. નોંધપાત્ર રીતે, રશિયા સાથે કામ કરવા બદલ તેમની સામે કાર્યવાહી કરવામાં આવી હતી. યુનાઈટેડ સ્ટેટ્સે તાજેતરમાં સ્પેશિયલી ડેઝિગ્નેટેડ નેશનલ્સ (SDN) યાદી અપડેટ કરી હતી. ભારતમાં રાજદૂત સર્જિયો ગોરે તાજેતરમાં જણાવ્યું હતું કે ટ્રેડ ડીલ લગભગ પૂર્ણ થઈ ગયો છે, જેમાં માત્ર ૧ ટકા કામ બાકી છે. આ બધી કંપનીઓને એક્ઝિક્યુટિવ ઓર્ડર ૧૪૦૨૪ હેઠળ યાદીમાં ઉમેરવામાં આવી હતી. આમાં RRG એન્જિનિયરિંગ ટેક્નોલોજીસ પ્રાઈવેટ લિમિટેડ અને લોકેશ મશીન્સ લિમિટેડ, અમદાવાદ સ્થિત ગેલેક્સી બેરિંગ્સ લિમિટેડ અને શૌર્ય એરોનોટિક્સ પ્રાઈવેટ લિમિટેડનો સમાવેશ થાય છે. OFAC, વિદેશી સંપત્તિ નિયંત્રણ કાર્યાલય, કંપનીઓ અને વ્યક્તિઓની યાદી બહાર પાડે છે. આ યાદીમાં એવા લોકોના નામ શામેલ છે જેઓ પ્રતિબંધિત દેશો દ્વારા નિયંત્રિત, માલિકી ધરાવતા અથવા તેમના માટે કામ કરતા હોય છે.

# યુરોપ બાદ અમેરિકા-કેનેડા અને મેક્સિકોમાં પણ ગરમીનો કહેર

(સંપૂર્ણ સમાચાર સેવા)મેક્સિકો

યુરોપમાં ચાલી રહેલી ભીષણ હીટવેવ વચ્ચે હવે અમેરિકા પણ ગંભીર ગરમીની લપેટમાં આવી ગયું છે. સ્થિતિ એટલી હદે વણસી ગઈ છે કે ઘણા શહેરોમાં સ્થાનિક વહીવટીતંત્રે લોકોના જીવ બચાવવા માટે ખાસ પ્રકારની વ્યવસ્થાઓ કરવી પડી રહી છે. રાષ્ટ્રીય હવામાન સેવા (NWS)ના જણાવ્યા અનુસાર, દેશના મધ્ય અને પૂર્વીય ભાગોમાં વાસ્તવિક તાપમાન ૩૮ ડિગ્રી સેલ્સિયસથી ઉપર પહોંચી શકે છે, જ્યારે અતિશય ભેજને કારણે અનુભવાતું તાપમાન (હીટ ઈન્ડેક્સ) ૪૬ ડિગ્રી સેલ્સિયસ સુધી જઈ શકે છે. હાલમાં અમેરિકામાં ૬ કરોડથી વધુ લોકો હીટ એલર્ટના દાયરામાં જીવી રહ્યા છે. હવામાન વિભાગે ચેતવણી આપી છે કે આગામી દિવસોમાં ઘણા શહેરોમાં વર્ષો જૂના તાપમાનના રેકોર્ડ તૂટી શકે છે. આ ભીષણ ગરમી ૪ જુલાઈના સ્વતંત્રતા દિવસની રજાઓ સુધી ચાલુ રહેવાની આશંકા છે. અમેરિકાના મુખ્ય શહેરોમાં ગરમીનો સામનો કરવા માટે યુદ્ધના ધોરણે કામગીરી શરૂ કરવામાં આવી છે. શિકાગો વહીવટીતંત્રે પરિસ્થિતિને ગંભીરતાથી લઈને સમગ્ર શહેરમાં કૂલિંગ સેન્ટર્સ (લોકોને ગરમીથી રાહત આપતા કેન્દ્રો) ખોલી દીધા છે. આ ઉપરાંત, વડીલો અને બીમાર લોકોની તબિયતની નિયમિત તપાસ કરવા માટે સરકારી કર્મચારીઓની વિશેષ ટીમો પણ તહેનાત કરવામાં આવી છે. બીજી તરફ, ન્યૂયોર્કના મેયર જોહરાન મમદાનીએ પણ ગરમી સામે લડવા માટે એક ખાસ યોજના અમલમાં મૂકી છે, જેના અંતર્ગત લોકોને મફત પીવાનું પાણી પૂરું પાડવા માટે મોબાઈલ વાન ચલાવવામાં આવી રહી છે. શહેરમાં ઠેર-ઠેર હંગામી કૂલિંગ સ્ટેશનો બનાવવામાં આવ્યા છે, જ્યાં લોકોને તાત્કાલિક રાહત આપવા માટે મિસ્ટિંગ ફેન અને કૂલિંગ ટુવાલની વ્યવસ્થા કરવામાં આવી છે. અમેરિકાની રાજધાની વોશિંગ્ટનમાં પણ ગુરુવારથી શનિવાર સુધી તાપમાન ૩૮ ડિગ્રી સેલ્સિયસ સુધી પહોંચવાનું અનુમાન છે. ચિંતાની વાત એ છે કે આ જ સમયગાળા દરમિયાન અહીં દેશના ૨૫૦મા સ્વતંત્રતા દિવસ નિમિત્તે ભવ્ય આતશબાજી અને ઉત્સવનું આયોજન થવાનું છે, જેના કારણે પ્રશાસન માટે ભીડને ગરમીથી બચાવવી એ મોટો પડકાર બની રહેશે.

આરોગ્ય એજન્સીઓએ નાગરિકોને બપોરના સમયે તડકામાં બહાર ન નીકળવા, પુષ્કળ પાણી પીવા અને હીટ સ્ટ્રોકના લક્ષણો પર સતત નજર રાખવાની કડક સલાહ આપી છે. અધિકારીઓએ ખાસ કરીને બાળકોને બંધ કારમાં ન છોડવા માટે તાકીદ કરી છે, કારણ કે આ વર્ષે અમેરિકામાં ગરમ કારની અંદર ગૂંગળામણને કારણે અત્યાર સુધીમાં ૯ બાળકોના મોત થઈ ચૂક્યા છે. આ ભીષણ ગરમીની સીધી અસર રમતગમત પર પણ જોવા મળી રહી છે. અમેરિકા, કેનેડા અને મેક્સિકોની યજમાનીમાં રમાઈ રહેલા ફીફા વર્લ્ડ કપના કેટલાક મુકાબલા અતિશય ગરમીમાં રમાઈ રહ્યા છે. મેચ દરમિયાન ઘણા ખેલાડીઓ અને દર્શકોને ગરમીના કારણે તબિયત લથડવાની સમસ્યાનો સામનો કરવો પડ્યો છે. આ પહેલા પણ ખરાબ હવામાન અને અસહ્ય ગરમીના કારણે એક મેચને અંદાજે બે કલાક સુધી રોકવી પડી હતી. હવામાન વિભાગનું માનવું છે કે આગામી થોડા દિવસો અમેરિકા માટે વધુ પડકારજનક સાબિત થઈ શકે છે.

# નાયરા એનર્જીએ પેટ્રોલના ભાવમાં ૫ અને ડીઝલમાં ૩નો ઘટાડો કર્યો

(સંપૂર્ણ સમાચાર સેવા)નવી દિલ્હી

આંતરરાષ્ટ્રીય બજારમાં કાચા તેલ (ક્રૂડ ઓઈલ) ના ભાવ ઘટવાનો ફાયદો હવે ભારતીય ગ્રાહકોને મળવા લાગ્યો છે. ખાનગી ક્ષેત્રની અગ્રણી ઈંધણ કંપની નાયરા એનર્જી (Nayara Energy) એ દેશભરમાં પેટ્રોલ અને ડીઝલના ભાવમાં મોટો ઘટાડો કરવાની જાહેરાત કરી છે. કંપનીએ પેટ્રોલની કિંમતમાં પ્રતિ લીટર રૂ.૫ અને ડીઝલની કિંમતમાં પ્રતિ લીટર રૂ.૩ નો ઘટાડો કર્યો છે. આ નવી કિંમતો ૧ જુલાઈ ૨૦૨૬થી તાત્કાલિક અસરથી લાગુ થઈ ગઈ છે. છેલ્લા બે વર્ષ કરતાં વધુ સમયગાળામાં ઈંધણના ભાવમાં આ સૌથી મોટો ઘટાડો છે. કંપનીનો આ નિર્ણય એવા સમયે આવ્યો છે જ્યારે પશ્ચિમ એશિયા (મિડલ ઈસ્ટ) માં ચાલી રહેલો તણાવ ઓછો થયો છે અને આંતરરાષ્ટ્રીય બજારમાં કાચા તેલની કિંમતો નીચે આવી છે. મુખ્ય દરિયાઈ વેપાર માર્ગો ફરી ખુલવાના કારણે ક્રૂડ ઓઈલ અને એલએનજી (LNG) નો વૈશ્વિક પુરવઠો સામાન્ય બન્યો છે, જેના લીધે તેલના ભાવમાં ઘટાડો જોવા મળ્યો છે. નાયરા એનર્જીએ આ ભાવઘટાડો દેશભરમાં આવેલા તેના ૭૦૦૦ થી વધુ પેટ્રોલ પંપ પર લાગુ કરી દીધો છે. જોકે, અલગ-અલગ રાજ્યોમાં વેટ (VAT) અને અન્ય સ્થાનિક ટેક્સના કારણે ગ્રાહકો માટે અંતિમ છૂટક કિંમતોમાં થોડો તફાવત હોઈ શકે છે.

ગુજરાત કનેક્શનઃ નાયરા એનર્જી ગુજરાતના વાડિનારમાં વાર્ષિક ૨ કરોડ ટનની ક્ષમતા ધરાવતી મોટી રિફાઈનરી ચલાવે છે. મેન્ટેનન્સનું કામ પૂરું થયા બાદ આ રિફાઈનરી હાલ પૂરી ક્ષમતા સાથે ઈંધણનો પુરવઠો પૂરો પાડવા સજ્જ છે.

દેશના ૯૦ ટકાથી વધુ પેટ્રોલ પંપનું સંચાલન કરતી સરકારી તેલ કંપનીઓ જેવી કે ઇન્ડિયન ઓઈલ (IOC), ભારત પેટ્રોલિયમ (BPCL) અને હિન્દુસ્તાન પેટ્રોલિયમ (HPCL) એ હજુ સુધી પેટ્રોલ-ડીઝલના ભાવમાં કોઈ ફેરફાર કર્યો નથી. હાલમાં દિલ્હીમાં ઈન્ડિયન ઓઈલના પંપ પર પેટ્રોલ રૂ.૧૦૨.૧૨ પ્રતિ લીટર અને ડીઝલ રૂ.૯૫.૨૦ પ્રતિ લીટરના જૂના ભાવે જ મળી રહ્યું છે. માર્ચ મહિનામાં ઈરાન સંકટ વખતે નાયરા એનર્જીએ પેટ્રોલ રૂ.૫ અને ડીઝલ રૂ.૩ મોંઘું કર્યું હતું, જે વધારો હવે કંપનીએ પૂરેપૂરો પાછો ખેંચી લીધો છે.

### કંપનીના શેરે છેલ્લા ચાર વર્ષની નબળી કામગીરી

# માઈક્રોસોફ્ટમાં એક જ મહિનામાં ૫૭૦ અબજ ડોલરની માર્કેટકેપ સાફ

### બિલ ગેટ્સની કંપનીએ ૨૦૦૦માં ડોટકોમ પરપોટો ફૂટયા પછીનું સૌથી ખરાબ પર્ફોર્મન્સ નોંધાવ્યું

(સંપૂર્ણ સમાચાર સેવા)વોશિંગ્ટન

માઈક્રોસોફ્ટ માટે જૂન ૨૦૨૬નો મહિનો ૨૦૦૦ની સાલના ડોટકોમ પરપોટા પછીનો સૌથી ખરાબ મહિનો નીવડયો છે. એક મહિનામાં માઈક્રોસોફ્ટના શેરના ભાવમાં ૧૭ ટકાનો ઘટાડો થયો છે. તેના કારણે એક જ મહિનામાં માઈક્રોસોફ્ટના શેરના બજારમૂલ્યમાં ૫૭૦ અબજ ડોલર (૫૩.૮૮ લાખ કરોડ)નો કડાકો બોલ્યો છે. તેના પગલે શેરે ગુરુવારે ૨૦૨૩ પછીની સૌથી નીચી સપાટી નોંધાવી હતી.




ક્રેસેટ વેલ્થ એડવાઈઝર્સના ચીફ ઈન્વેસ્ટમેન્ટ સ્ટ્રેટેજિસ્ટ જેક આબ્લિને જણાવ્યું હતું કે માઈક્રોસોફ્ટને બે બાજુએથી ફટકો પડયો છે. એક તો એઆઈ પાછળના ખર્ચની ચિંતા છે અને એઆઈ ડિસરપ્શન એટલે કે તેના કારણે પડનારી અસરની ચિંતા છે. તેમણે માઈક્રોસોફ્ટના શેરના ભાવમાં બોલેલા કડાકાનો ફાયદો ઉઠાવીને રોકાણકારોને તેમા રોકાણ કરવા સલાહ આપી હતી. વેચવાલીના લીધે માઈક્રોસોફ્ટનો શેર દાયકાના સૌથી સસ્તા ભાવે પહોંચી ગયો હતો. આ શેર હાલમાં એસ એન્ડ પી ૫૦૦માં ૨૦ ગણા ડિસ્કાઉન્ટે ટ્રેડ થઈ રહ્યો છે. તેના ૧૦ વર્ષની ૨૭ની એવરેજથી પણ નીચા ભાવે છે. આ શેર ૨૫ જૂનના રોજે ૩૪૯.૨૦ ડોલરની સૌથી નીચી સપાટી નોંધાવી હતી.માઈક્રોસોફ્ટ એઆઈ પાછળ જંગી ખર્ચ કરી રહી છે, પરંતુ તેને જોઈએ તેવું અપેક્ષા મુજબનું વળતર મળી રહ્યું નથી તેવી વાતોએ આમ પણ વેગ પકડયો હતો. એઝ્યોર ક્લાઉડ કમ્પ્યુટિંગ બિઝનેસે અપેક્ષા કરતા નબળો દેખાવ કરતા આ વાતોએ વેગ પકડયો હતો. માઈક્રોસોફ્ટ આ વર્ષે ડિસેમ્બરના અંત સુધીમાં ૧૯૦ અબજ ડોલરનો મૂડીખર્ચ કરવાની છે.આક્રમક રોકાણો માઈક્રોસોફ્ટ માટે જોખમકારક છે, કારણ કે તે તેની નફાકારકતાને જોખમમાં મૂકે છે, એમ સ્ટિફેલના વિશ્લેષક બ્રેડ રિબેકનું કહેવું છે. તેમણે માઈક્રોસોફ્ટના શેરની કામગીરી જોતા તેના શેરના ભાવનો અંદાજ ૪૧૫ ડોલરથી ઘટાડીને ૪૦૦ ડોલર કર્યો છે.જો કે માઈક્રોસોફ્ટમાં બધું જ નિરાશાજનક નથી. વર્તમાન નાણાકીય વર્ષમાં તેના વેચાણમાં ૧૭ ટકા વૃદ્ધિ થઈ છે. આ વૃદ્ધિ ૨૦૧ પછીની સૌથી વધારે છે. ૨૦૨૮માં તે ૧૮ ટકા અને ૨૦૨૯માં તે ૨૦ ટકાના દરે વેચાણવૃદ્ધિ નોંધાવી શકે છે. આની સીધી તેના શેર પર હકારાત્મક અસર પડશે તેમ મનાય છે.




# તંત્રી લેખ......

## ભારત અને ફ્રાન્સ સહકારના નવા યુગમાં

ફ્રેન્ચ પ્રમુખપદ હેઠળ આ વર્ષની જી-૭ સમિટની નિષ્ફળતાના ઘણા કારણો હતા. અસંખ્ય સંઘર્ષો, દરિયાઈ વેપાર માર્ગોમાં વિક્ષેપો, ઉર્જા સંકટ, રોગચાળો ફેલાવો, વૈશ્વિક મેક્રોઈકોનોમિક અસંતુલન, સહાય વિતરણમાં વિક્ષેપો અને વિભાજિત વિશ્વનો અર્થ એ હતો કે દાવ ઊંચો હતો. છતાં, ૧૫ થી ૧૭ જૂન દરમિયાન ફ્રાન્સના એવિયનમાં જે બન્યું તે એકતા માટે એક દુર્લભ તક હતી. નેતાઓ વચ્ચેના સહકારથી મુખ્ય પડકારોનો સામનો કરવા માટે નક્કર પ્રતિબદ્ધતાઓ શક્ય બની.

આ સફળતા ફક્ત જી૭ સભ્ય દેશો (કેનેડા, ફ્રાન્સ, જર્મની, ઈટાલી, જાપાન, યુનાઈટેડ કિંગડમ અને યુનાઈટેડ સ્ટેટ્સ) વચ્ચે જ નહીં, પરંતુ મુખ્ય જી ૭ પ્લસ ભાગીદારો - ખાસ કરીને ભારત, તેમજ બ્રાઝિલ, ઈજિપ્ત, કેન્યા અને દક્ષિણ કોરિયા સાથેના ગાઢ સંકલનનું પરિણામ હતું. યુક્રેન, યુએઈ અને કતારને પણ તેમના મંતવ્યો આપવા માટે નેતાઓની સમિટમાં આમંત્રિત કરવામાં આવ્યા હતા. આ અનોખા જી ૭ પ્લસ ફોર્મેટ દ્વારા, ફ્રેન્ચ રાષ્ટ્રપતિએ પ્રથમ વખત ભારત અને તેના ભાગીદાર દેશોના અનુભવ અને દ્રષ્ટિકોણનો ઉપયોગ કરવાનું નક્કી કર્યું, ફક્ત સમિટમાં જ નહીં પરંતુ સમિટ પહેલાની તૈયારી પ્રક્રિયા દરમિયાન પણ.

ભારત અને ફ્રાન્સનો ૪૭ સાથે લાંબા સમયથી સંબંધ છે. જી ૭ સાથે ભારતનો સંબંધ ૨૦૦૩ માં ફ્રાન્સના આમંત્રણ પર એવિયન ખાતે શરૂ થયો હતો. ફ્રાન્સે તેના અગાઉના પ્રમુખપદ દરમિયાન જી-૭ બિઆરિટ્ઝ સમિટમાં ભારતને આમંત્રણ આપ્યા પછી, આ વર્ષની સમિટમાં ભારતની ૧૩મી ભાગીદારી અને વડા પ્રધાન મોદીની સતત સાતમી ભાગીદારી હતી. આ વર્ષે જી-૭ પ્લસમાં ભારતનું યોગદાન તમામ મોરચે, ખાસ કરીને આરોગ્ય અને ડિજિટલ ટેકનોલોજી સંબંધિત વૈશ્વિક પડકારો પર નોંધપાત્ર હતું. જી-૭ નેતાઓએ સર્વાનુમતે નવ ઘોષણાઓ અપનાવી હતી, અને ઘણીને ભાગીદાર દેશો તરફથી સમર્થન મળ્યું હતું. આ મુખ્ય સહિયારી સફળતાઓ હતી. જી-૭ એ યુક્રેનની પ્રાદેશિક અખંડિતતા અને સાર્વભૌમત્વ, સંરક્ષણ અને ઉર્જા માળખાને ટેકો આપવામાં મજબૂત એકતા અને સંકલ્પ દર્શાવ્યો હતો. અમે તાજેતરના મહિનાઓમાં યુદ્ધના મેદાનમાં યુક્રેનની હિંમતની પ્રશંસા કરી હતી અને આ આક્રમક યુદ્ધના ન્યાયી અને અંતિમ ઉકેલ તરફ દોરી શકે તેવા નવી ગતિ પર ભાર મૂક્યો હતો. અમે યુનાઈટેડ સ્ટેટ્સ અને ઈરાન વચ્ચે થયેલા કરારનું સ્વાગત કર્યું હતું અને પ્રતિબંધો અથવા ટોલ વિના હોર્મુઝમાંથી પરિવહનના અધિકારને પુનઃપુષ્ટિ કરી હતી. અમે લેબનોનમાં તાત્કાલિક અને મજબૂત યુદ્ધવિરામ માટે પણ ભારપૂર્વક હાકલ કરી હતી, કારણ કે તે એકદમ જરૂરી છે. મેક્રોઈકોનોમિક અસંતુલનને દૂર કરવા માટે, નેતાઓએ સંતુલિત, ટકાઉ અને મજબૂત વિકાસને ટેકો આપ્યો હતો.

તેમણે સ્વીકાર્યું કે આર્થિક નીતિઓમાં સહયોગ અને સંકલન દરેકના હિતમાં છે, જ્યારે વાજબી સ્પર્ધા સુનિશ્ચિત કરવી, ઉદ્યોગો અને નોકરીઓનું રક્ષણ કરવું અને ભવિષ્યના વેપાર યુદ્ધો અને નાણાકીય કટોકટી ટાળવી. આ મુખ્ય પડકારનો સામનો કરવા માટે દરેકની ભાગીદારીની જરૂર હોવાથી, ફ્રેન્ચ રાષ્ટ્રપતિએ ચીન સાથે રચનાત્મક જોડાણને પ્રાથમિકતા આપી. ચીને ૨૦ વર્ષમાં પ્રથમ વખત ૪૭ એવિયન સમિટ પહેલા વિકાસ માટે અભૂતપૂર્વ વર્ચ્યુઅલ કોન્ફરન્સમાં ભાગ લીધો હતો. ભારત એઆઈ ઈમ્પેક્ટ સમિટ પછી ડિજિટલ ટેકનોલોજી અને એઆઈ પર, જી ૭ પ્લસ નેતાઓ સર્વસંમતિથી બાળકોની ઑનલાઈન સલામતી સુધારવા માટે સંમત થયા. અમે છૈં સલામતી જોખમોનો સામનો કરી રહેલા લોકશાહીઓ વચ્ચે સહકાર માટે એક સામાન્ય પ્લેટફોર્મ સ્થાપિત કરવાની યોજના બનાવીએ છીએ જેથી સહિયારા ધોરણો સ્થાપિત કરી શકાય.

# માત્ર મેરેજ સર્ટીફીકેટ પુરતુ નથી : ૭ ફેરા વગર હિન્દુ લગ્ન કાયદેસર નહી ગણાય : ગુજરાત હાઈકોર્ટનો ઐતિહાસિક ચુકાદો

પ્રતિનિધિ,ગાંધીનગર



ફકત લગ્ન પ્રમાણપત્રના આધારે હિન્દુ લગ્નને કાયદેસર રીતે માન્ય ગણી શકાય ? ગુજરાત હાઈકોર્ટે આ પ્રશ્ન પર ચુકાદો આપ્યો છે. કોર્ટે સ્પષ્ટપણે જણાવ્યુ હતુ કે જો હિન્દુ લગ્નના આવશ્યક ધાર્મિક વિધિઓ ખાસ કરીને સપ્તદી (પવિત્ર અગ્નિની આસપાસ ૭ ફેરા લેવા) કરવામાં ન આવ્યા હોય તો ફકત લગ્ન નોંધણી અથવા લગ્ન પ્રમાણપત્ર રાખવાથી માન્ય ગણાતા નથી.

ગુજરાત હાઈકોર્ટ ની ડીવીઝન બેન્ચે અવલોકન કર્યુ હતુ કે હિન્દુ લગ્ન અધિનિયમ ૧૯૫૫ ની કલમ-૭ હેઠળ આવશ્યક લગ્ન વિધિઓનુ પાલન ફરજીયાત છે. સપ્તદી જયાં કન્યા અને વરરાજા પવિત્ર અગ્નિની આસપાસ ૭ ફેરા લે છે. આ વિધિઓમાં સૌથી મહત્વપૂર્ણ માનવામાં આવે છે. કોર્ટે સ્પષ્ટતા કરી હતી કે કલમ-૮ હેઠળ લગ્ન નોંધણી ફકત એવા લગ્નના રેકોર્ડ તરીકે સેવા આપે છે. જે પહેલાથી જ માન્ય રીતે વિધિવત રીતે પૂર્ણ થઈ ચુકયા હોય, તે એવા લગ્નને માન્ય કરી શકતુ નથી, જયાં આવશ્યક ધાર્મિક વિધિઓ કયારેય થઈ ન હોય , ન્યાયાધીશ ઈલેશ જે વોરા અને આર ટી વછાણીએ જણાવ્યુ હતુ કે જો લગ્ન કાયદા અનુસાર પૂર્ણ ન થયા હોય તો તેના આધારે જારી કરાયેલ લગ્ન પ્રમાણપત્ર કોઈ કાનુની માન્યતા ધરાવતુ નથી. પરીણામે પક્ષકારો પતિ પત્નીની કાયદેસર સ્થિતિનો દાવો કરી શકતા નથી.

આ કેસ યુ કે સ્થિત ભારતીય મુળના પુરુષનો છે. તેણે કોર્ટમાં દાવો કર્યો હતો કે તેણે કયારેય વિધિવત રીતે લગ્ન કર્યા નથી. તેમના મતે કોઈ ધાર્મિક વિધિઓ કરવામાં આવી ન હતી કે દંપત્તિ કયારેય પતિ પત્ની તરીકે સાથે રહેતા ન હતા. તેમણે વધુમાં આરોપ લગાવ્યો હતો કે લગ્ન સંબંધિત દસ્તાવેજો પર તેમની સહીઓ છેતરપીંડી થી મેળવવામાં આવી હતી. સુનાવણી દરમિયાન પત્નીએ તેના લેખિત જવાબમાં સ્વીકાર્યુ હતુ કે લગ્ન સમયે કોઈ ધાર્મિક વિધિઓ કે પરંપરાઓનુ પાલન કરવામાં આવ્યુ ન હતું. તેણીએ એ પણ સ્વીકાર્યુ હતુ કે દંપત્તિ વૈવાહિક સંબંધ ધરાવતા ન હતા.

આવામાં હાઈકોર્ટે અવલોકન કર્યુ હતુ કે જયારે એક પક્ષ પોતે સ્વીકારે છે કે આવશ્યક લગ્ન વિધિઓ કરવામાં આવી ન હતી. ત્યારે આ મામલે લાંબા સમય સુધી ટ્રાયલ ની જરૂર નથી. આ આધારે હાઈકોર્ટે ફેમીલી કોર્ટના આદેશને રદ કર્યો હતો. જેમાં સંપૂર્ણ ટ્રાયલનો નિર્દેશ આપવામાં આવ્યો હતો. કોર્ટે કથિત લગ્નને શરૂઆતથી જ રદબાતલ (અમાન્ય) જાહેર કર્યા હતા. વધુમાં તેણે અપીલ કરતાને સંબંધિત સત્તાવાળાઓ સાથે લગ્ન નોંધણી રદ કરવાની પ્રક્રિયા શરૂ કરવાની પરવાનગી આપી હતી.

તેના ચુકાદામાં ગુજરાત હાઈકોર્ટે પુનરોચ્ચાર કર્યો કે હિન્દુ લગ્નમાં સપ્તદી (પવિત્ર અગ્નિની આસપાસ લેવામાં આવતા ૭ ફેરા) ફકત એક ધાર્મિક વિધિ નથી પરંતુ કાયદેસર રીતે મહત્વપૂર્ણ પ્રક્રિયા છે. જો આ ફરજીયાત વિધિ કરવામાં ન આવે તો લગ્નને ફકત લગ્ન પ્રમાણપત્રના આધારે માન્ય ગણી શકાય નહી. પરીણામે આ ચુકાદો એવા લોકો માટે મહત્વપૂર્ણ છે જેઓ માને છે કે લગ્નની નોંધણી તેના કાનુની માન્યતા સ્થાપિત કરવા માટે પુરતી છે.

# અરવલ્લી જિલ્લામાં ચૈતર વસાવાના સમર્થનમાં યોજાઈ રેલી : મેઘરજ અને મોડાસામાં આદિવાસી સમાજે આવેદનપત્ર આપી સરકારને ઘેરવાનો કર્યો પ્રયાસ

પ્રતિનિધિ,ગાંધીનગર

તસવીર યુનુસ મેમણ







ડેડીયાપાડાના ધારાસભ્ય ચૈતર વસાવાના સમર્થનમાં ગુજરાતમાં ઠેર ઠેર રેલીઓ યોજાઈ રહી છે. ત્યારે અરવલ્લી જિલ્લાના મેઘરજમાં આદિવાસી સમાજે આવેદનપત્ર આપી નિષ્પક્ષ તપાસની માંગ કરી હતી.

ડેડીયાપાડાના ધારાસભ્ય ચૈતર વસાવાના સમર્થનમાં જિલ્લાના મેઘરજ ખાતે આદિવાસી સમાજ દ્વારા સરકાર સમક્ષ આવેદનપત્ર આપવામાં આવ્યુ હતું. મોટી સંખ્યામાં આગેવાનો, મહિલાઓ અને યુવાનો મેઘરજ મામલતદાર કચેરીએ એકત્રિત થયા હતા અને મામલતદાર મારફતે રાજયના મુખ્યમંત્રીને આવેદનપત્ર પાઠવ્યુ હતું. આવેદનપત્રમાં રજુઆત કરવામાં આવી હતી કે ધારાસભ્ય ચૈતર વસાવાને રાજકીય દ્વેષના કારણે ખોટી રીતે કેસમાં ફસાવવામાં આવ્યા હોવાનો સમાજે આક્ષેપ કર્યો છે. સમગ્ર મામલાની નિષ્પક્ષ અને પારદર્શક તપાસ કરવામાં આવે તેમજ ચૈતર વસાવા અને અન્ય આરોપીઓને કાયદા મુજબ ન્યાય આપવામાં આવે તેવી માંગ કરવામાં આવી હતી. આ પ્રસંગે આદિવાસી સમાજના આગેવાનોએ જણાવ્યુ હતુ કે કાયદા અને બંધારણમાં વિશ્વાસ રાખીને તેઓ શાંતિપૂર્ણ રીતે પોતાની માંગ સરકાર સુધી પહોચાડી રહ્યા છે. કાર્યક્રમ દરમિયાન મહિલાઓ સહિત મોટી સંખ્યામાં આદિવાસી સમાજના લોકો ઉપસ્થિત રહ્યા હતા અને એકતા દર્શાવી હતી. આવેદનપત્ર સ્વીકાર્યા બાદ મામલતદાર કચેરી દ્વારા રાજય સરકાર સુધી આવેદનપત્ર પહોચાડવાની કાર્યવાહી હાથ ધરવામાં આવશે તેવી ખાત્રી આપી હતી. તો બીજી તરફ જિલ્લાના મુખ્ય મથક મોડાસામાં પણ ધારાસભ્ય ચૈતર વસાવાને કોર્ટ દ્વારા ફટકારવામાં આવેલી સજાના વિરોધમાં આમ આદમી પાર્ટીના કાર્યકરો અને આગેવાનોએ આ ચુકાદા સામે ઉગ્ર આક્રોશ વ્યકત કરતા મોડાસા શહેરમાં એક વિશાળ પદયાત્રાનુ આયોજન કર્યુ હતું.

આ વિરોધ પ્રદર્શન દરમિયાન મોટી સંખ્યામાં ઉમટેલા કાર્યકરોએ પ્લે કાર્ડ સાથે સરકાર વિરોધી જોરદાર સુત્રોચ્ચાર કરીને કાયદો અને વ્યવસ્થાના નામે રાજકીય કિન્નાખોરી રાખવામાં આવી રહી હોવાનો આક્ષેપ કર્યો હતો. આમ આદમી પાર્ટીના આ આક્રમક તેવરને પગલે સ્થાનિક વહિવટી તંત્ર અને પોલીસ કાફલો પણ એલર્ટ મોડ પર આવી ગયો હતો.

# જુલાઈમાં પણ ઓછો વરસાદ પડશે, પાણીની અછત ઉભી થવાની ભીતિ

(સંપૂર્ણ સમાચાર સેવા)નવી દિલ્હી

જૂન મહિનામાં બહુ જ ઓછો વરસાદ પડયો છે, દુષ્કાળના ભણકારા વચ્ચે હવે જુલાઈ મહિનાને લઈને હવામાન વિભાગે આગાહી કરી છે. જુલાઈ મહિનામાં વરસાદ સામાન્ય કરતા ઓછો પડવાની ભીતિ છે. હવામાન વિભાગે કહ્યું છે કે જુલાઈ મહિનામાં લોંગ રેન્જ પીરિયડ સરેરાશ ૯૪ ટકાથી ઓછો વરસાદ થઈ શકે છે. જૂન મહિનામાં આશરે ૪૦ ટકા વરસાદની ઘટ જોવા મળી હતી જોકે જુલાઈ મહિનામાં આટલી મોટી ઘટ નહીં જોવા મળે તેવુ અનુમાન છે. સામાન્ય રીતે જુલાઈમાં ચોમાસાનો સૌથી વધુ વરસાદ નોંધાતો હોય છે પરંતુ આ સીઝનમાં એવુ નહીં થાય જેને પગલે પાણીની અછતની ભીતિ પણ છે.

પત્રકારો સાથે વાતચીત દરમિયાન હવામાન વિભાગના ડીજી મૃત્યુંજય મોહાપાત્રાએ કહ્યું હતું કે ઉત્તરાખંડ, હિમાચલ પ્રદેશ, લદ્દાખ, ગુજરાત, મધ્ય પ્રદેશ, ઉત્તર પ્રદેશના વિવિધ હિસ્સાઓમાં આગામી બેથી ત્રણ દિવસમાં ચોમાસુ વધુ આગળ વધી શકે છે. આ જ સમયગાળા દરમિયાન સમગ્ર દમણ અને દીવ, જમ્મુ અને કાશ્મીર, હરિયાણા, ચંડીગઢ, દિલ્હી, પંજાબ અને રાજસ્થાનના અન્ય કેટલાક હિસ્સામાં પણ ચોમાસુ ફરી વળશે. જોકે કેટલાક રાજ્યો એવા છે કે જ્યાં જુલાઈ મહિનામાં પણ જૂન જેવી હાલત જોવા મળી શકે છે. બિહાર, મધ્ય પ્રદેશ, દિલ્હી, વગેરે કેટલાક રાજ્યોના અમુક હિસ્સાઓમાં જુલાઈમાં પણ પુરતો વરસાદ નહીં પડે. જેને કારણે કેટલાક વિસ્તારોમાં તાપમાનમાં કોઈ ફેરફાર થવાની શક્યતાઓ નથી.

### વૃદ્ધજનો અને દિવ્યાંગજનોની સેવા એ ભારતીય સંસ્કૃતિનું જીવંત પ્રતિકઃ રાજ્યપાલશ્રી આચાર્ય દેવવ્રતજી

# ભાવનગરમાં રાજ્યપાલ શ્રી આચાર્ય દેવવ્રતજીના અધ્યક્ષસ્થાને રાષ્ટ્રીય વયોશ્રી યોજના અંતર્ગત નિઃશુલ્ક સાધન સહાય વિતરણ કેમ્પ યોજાયો

## વૃદ્ધજનો પરિવાર અને સમાજની અમૂલ્ય મૂડી; તેમના અનુભવથી નવી પેઢી સંસ્કાર અને જીવનમૂલ્યો પ્રાપ્ત કરે છેઃ રાજ્યપાલશ્રી






ભારત સરકારનાં સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ દ્વારા "રાષ્ટ્રીય વયોશ્રી યોજના" અંતર્ગત ભારતીય કૃત્રિમ અંગ નિર્માણ નિગમ (એલિમ્કો) ના સહયોગથી રાજ્યપાલ શ્રી આચાર્ય દેવવ્રતજીની ગરિમામય ઉપસ્થિતિમાં કેન્દ્રીય રાજ્યમંત્રી શ્રીમતી નિમુબેન બાંભણિયાના પ્રયાસોથી ૨૫૬૯ લાભાર્થીઓને રૂપિયા ૨.૪૮ કરોડના નિઃશુલ્ક સાધન સહાય વિતરણનો કેમ્પ અટલ બિહારી વાજપેયી ઓપન એર થિએટર, મોતીબાગ ટાઉન હૉલ ભાવનગર ખાતે યોજાયો હતો. કાર્યક્રમમાં રાજ્યપાલશ્રી આચાર્ય દેવવ્રતજીના વરદહસ્તે ભાવનગરમાં પ્રધાનમંત્રી દિવ્યાશા વયોશ્રી કેન્દ્રનું ઉદ્ઘાટન પણ કરવામાં આવ્યું હતું.

રાજ્યપાલશ્રી આચાર્ય દેવવ્રતજીએ જણાવ્યું હતું કે, વૃદ્ધજનો અને દિવ્યાંગજનોનું સન્માન કરવું એ ભારતીય સંસ્કૃતિનું મૂળ તત્વ છે. સમાજ ત્યારે જ સાચા અર્થમાં પ્રગતિ કરી શકે જ્યારે તે પોતાના વડીલો અને જરૂરિયાતમંદ નાગરિકોની સંવેદનાપૂર્વક સેવા કરે અને તેમની જરૂરિયાતો પ્રત્યે જવાબદાર બને.

તેમણે જણાવ્યું કે પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્ર મોદીજીના નેતૃત્વમાં ભારત સરકાર વૃદ્ધજનો અને દિવ્યાંગજનોને ગૌરવપૂર્ણ, આત્મનિર્ભર અને સ્વાભિમાનપૂર્ણ જીવન જીવવા માટે વિવિધ કલ્યાણકારી યોજનાઓ અમલમાં મૂકી છે. નિઃશુલ્ક સહાયક સાધનોના વિતરણ જેવા કાર્યક્રમો સમાજમાં સમાનતા અને સંવેદનાનું ઉત્તમ ઉદાહરણ છે.

રાજ્યપાલશ્રીએ જણાવ્યું કે ભારતીય સંસ્કૃતિમાં 'માતૃ દેવો ભવઃ, પિતૃ દેવો ભવઃ'નો સંદેશ માત્ર ઉપદેશ નથી, પરંતુ જીવન જીવવાની પરંપરા છે. માતા-પિતાએ સંતાનોના ઉજ્જવળ ભવિષ્ય માટે સમગ્ર જીવન સમર્પિત કર્યું હોય છે, તેથી વૃદ્ધાવસ્થામાં તેમની સેવા અને સંભાળ રાખવી એ દરેક સંતાનની નૈતિક જવાબદારી છે. વૃદ્ધાશ્રમોની વધતી જતી સંખ્યા સમાજ માટે ચિંતાનો વિષય હોવાનું પણ તેમણે જણાવ્યું હતું.

તેમણે વૃદ્ધજનોને સમાજની અમૂલ્ય મૂડી ગણાવતા કહ્યું કે તેમના અનુભવ, જ્ઞાન અને સંસ્કાર નવી પેઢીને યોગ્ય દિશા આપે છે. વડીલોનું માર્ગદર્શન પરિવાર અને સમાજના સુખાકારીપૂર્ણ વિકાસ માટે અત્યંત જરૂરી છે.

રાજ્યપાલશ્રીએ પ્રધાનમંત્રીશ્રી દ્વારા 'વિકલાંગ'ના સ્થાને 'દિવ્યાંગજન' શબ્દ પ્રચલિત કરીને તેમના પ્રત્યે સન્માન અને આત્મગૌરવની ભાવના મજબૂત બનાવવાના પ્રયાસની પ્રશંસા કરી હતી. તેમણે સમાજના સક્ષમ અને સંપન્ન વર્ગને માનવસેવા તથા જરૂરિયાતમંદોની સહાય માટે આગળ આવવા અનુરોધ કરતાં જણાવ્યું કે માનવકલ્યાણ માટે કરાયેલું દાન જ જીવનને સાચા અર્થમાં સાર્થક બનાવે છે.

વૃદ્ધજનોને સંબોધતાં રાજ્યપાલશ્રીએ નિયમિત ચાલવા, હળવો વ્યાયામ કરવા, આરોગ્યપ્રદ આહાર અપનાવવા, શક્ય હોય ત્યાં સુધી પોતાનું કાર્ય જાતે કરવાની ટેવ રાખવા અને પરિવાર સાથે પ્રેમ તથા સમન્વય જાળવવા અનુરોધ કર્યો હતો. જીવનના ઉત્તરાર્ધમાં ઈશ્વરચિંતન, આધ્યાત્મિકતા અને સકારાત્મક જીવનશૈલી અપનાવવાથી માનસિક શાંતિ અને આરોગ્ય બંને પ્રાપ્ત થાય છે તેમ તેમણે જણાવ્યું હતું.

રાજ્યપાલશ્રીએ સમાજના સર્વાંગી કલ્યાણ માટે કરુણા, સેવા અને પરસ્પર સન્માનની ભાવના વધુ મજબૂત બને તેવી શુભેચ્છા વ્યક્ત કરી હતી.

કેન્દ્રીય ગ્રાહક બાબતો, ખાદ્ય અને જાહેર વિતરણ મંત્રાલયના રાજ્યમંત્રી શ્રીમતી નીમુબેન બાંભણિયા એ જણાવ્યું હતું કે રાષ્ટ્રીય વયોશ્રી યોજના દેશનાં વયોવૃદ્ધ નાગરિકોના જીવનમાં સુવિધા, આત્મનિર્ભરતા તથા સામાજિક સુરક્ષા સુનિશ્ચિત કરવાની દિશામાં ભારત સરકારની એક મહત્વપૂર્ણ અને સંવેદનશીલ પહેલ છે. વધુમાં તેમણે જણાવ્યું કે આ યોજના અંતર્ગત લાભાર્થીઓની પસંદગી કરવા માટે શિબિરોનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં ભાવનગર જિલ્લામાં રાષ્ટ્રીય વયોશ્રી યોજના અંતર્ગત કુલ ૮૦૯૧ વયોવૃદ્ધ લાભાર્થીઓની નિઃશુલ્ક સાધન સહાય માટે પસંદગી કરવામાં આવી છે. લગભગ ૭.૬૬ કરોડ રૂપિયાના સહાયક ઉપકરણને સ્વીકૃતિ આપવામાં આવી છે. મંત્રીશ્રીએ જણાવ્યું હતું કે રાષ્ટ્રીય વયોશ્રી યોજના હેઠળ ગુજરાતનો સૌથી મોટો કેમ્પ આજ રોજ ભાવનગર ખાતે યોજાયો છે. આજ રોજ ભાવનગરમાં સહાય વિતરણ સંપન્ન કર્યા બાદ આગામી દિવસોમાં જિલ્લાના અન્ય બાકી રહેલા તાલુકાઓમાં પણ તબક્કાવાર શિબિરોનું આયોજન કરી વિતરણ કરવામાં આવશે. પ્રધાનમંત્રીશ્રી નરેન્દ્ર મોદીજીનાં વિકસિત ભારતના સ્વપ્નને સાકાર કરવા દેશનાં છેવાડાના લોકો સુધી સરકારની તમામ યોજનાઓ લાભ પહોંચાડવા સંકલ્પબદ્ધ થવા કેન્દ્રીય રાજ્યમંત્રીશ્રીએ સૌને અનુરોધ કર્યો હતો. આ તકે મેયર શ્રીમતી ઉષાબેન તલરેજા, જિલ્લા પંચાયત પ્રમુખ શ્રી અશોકભાઈ લાધવા, ધારાસભ્યશ્રી ગૌતમભાઈ ચૌહાણ, ધારાસભ્ય શ્રી શિવાભાઈ ગોહિલ, મહાનગરપાલિકા કમિશનરશ્રી ડૉ. નરેન્દ્રકુમાર મીના, જિલ્લા કલેક્ટરશ્રી ડૉ. મનીષ કુમાર બંસલ, જિલ્લા વિકાસ અધિકારી શ્રી હનુલ ચૌધરી, આગેવાન શ્રી કુમાર શાહ, શ્રી દિગ્વિજયસિંહ ગોહિલ, પ્રાદેશિક નગરપાલિકાની કચેરીના કમિશનર શ્રી સુનીલ, એલિમ્કો મહારાષ્ટ્રના ઈન્ચાર્જ શ્રી કેશવ ગોતે, ગુજરાત એલિમ્કોના ઈન્ચાર્જ શ્રી મૃદુલ અવસ્થી સહિત જિલ્લાના અધિકારીશ્રીઓ પદાધિકારીશ્રીઓ સહિત વરિષ્ઠ નાગરિકો ઉપસ્થિત રહ્યા હતા.


**ખેતીવાડી ઉત્પન્ન બજાર સમિતિ**

માર્કેટયાર્ડ ખેડ-તસીયા રોડ હિંમતનગર ફોન :

ભાવ ૨૦ કીલો મુજબ - તારીખ મુજબ આવક માલ ભાવ - બુધવાર, ૦૧/૦૭/૨૦૨૬

| અં.નં. | આઇટમ વિગત | આવક | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|---|
| ૧ | મગફળી | ૧૦ | ૧,૩૦૦.૦૦ | ૧,૪૨૫.૦૦ |
| ૨ | એરંડા | ૧૨ | ૧,૩૯૦.૦૦ | ૧,૪૦૫.૦૦ |
| ૩ | રાયડો | ૧ | ૧,૨૦૦.૦૦ | ૧,૨૯૫.૦૦ |
| ૪ | ઘઉં | ૩૩૦ | ૪૯૧.૦૦ | ૫૫૭.૦૦ |
| ૫ | બાજરી | ૩૦ | ૪૫૭.૦૦ | ૪૭૧.૦૦ |
| ૬ | મકાઇ | ૩૧ | ૪૭૭.૦૦ | ૪૯૦.૦૦ |
| ૭ | ચણા ( કાબુલી ) | ૫ | ૧,૩૦૦.૦૦ | ૧,૫૦૦.૦૦ |
| ૮ | ગવાર | ૧૦ | ૯૮૦.૦૦ | ૧,૦૮૦.૦૦ |

મુનિમજી સોફ્ટવેર



ગરવી ગુજરાત



ગરવી ગુજરાત

- એક શુભેચ્છક


PRGI NO. GUJGUJ/2008/26148 Printed, Published & Owned by AJAYKUMAR RAMANLAL PRAJAPATI and Printed By (1) JIGNESH RASHIKBHAI GAJJAR at Vansh Corporation, A/8, Shayona Golden Estate, Shahibag, Ahmedabad - 380 004
(2) DESAI RAHUL MAHESHBHAI at Bhavani Offset, "Bhatiya Ni Wadi, Opp Kalupur Railway Station, Kalupur, Ahmedabad-380 002. (3) HADIK MAHESHBHAI DESAI at Bhoomi Offset, "Bhatiya Ni Wadi, Opp Kalupur Railway Station, Kalupur, Ahmedabad-380 002
and Published from TF-01, Nanakram Super Market, Ramnagar, Sabarmati, Ahmedabad - 380 005. Editor : AJAYKUMAR RAMANLAL PRAJAPATI
Rage.Office: TF-01, Nanakram Super Market, Ramnagar, Sabarmati, Ahmedabad - 380 005 Gujarat,India. Phone : (O) 9016333307(M)9328333307,9825333307
Email : garvigujarat2007@gmail.com • garvigujarat2007@yahoo.com • Website : www.garvigujarat.co.in

# ગુજરાત કોંગ્રેસે કાર્યક્રમમાં હાજર ન રહેનારા નેતાઓ માટે કરી લાલ આંખ: હવે બહાનાબાજી નહી ચાલે: કોંગ્રેસના નેતાઓ માટે નિયમો બનાવ્યા કડક

### પક્ષના દરેક કાર્યક્રમમાં હાજરી ફરજીયાત રાખવી પડશે : ગેરહાજર રહેનારા સામે નોટીસ અને સસ્પેન્શન




પ્રતિનિધિ,ગાંધીનગર

ગુજરાતમાં આગામી રાજકીય ગતિવિધિઓ વચ્ચે અમદાવાદ શહેર કોંગ્રેસ સમિતિ એકશન મોડ માં આવી ગઈ છે. પક્ષના સંગઠનને વધુ મજબુત કરવા અને નિષ્ક્રિય નેતાઓને દોડતા કરવા માટે એક મોટો નિર્ણય લેવામાં આવ્યો છે.

અમદાવાદ શહેર કોંગ્રેસ પ્રમુખ દ્વારા તમામ વોર્ડ પ્રમુખો અને કોર્પોરેટરો માટે એક અત્યંત કડક અને મહત્વપૂર્ણ સુચના જાહેર કરવામાં આવી છે. આ આદેશ બાદ પક્ષમાં શિસ્તભંગ કરનારા નેતાઓ વિરૂધ્ધ કડક પગલા લેવાના સંકેતો સ્પષ્ટ થઈ ગયા છે.

શહેર પ્રમુખ દ્વારા જારી કરાયેલા નિર્દેશ મુજબ હવેથી પાર્ટીના દરેક નાના મોટા કાર્યક્રમમાં તમામ વોર્ડ પ્રમુખો અને કોર્પોરેટરોએ ફરજીયાત હાજર રહેવુ પડશે. ખાસ કરીને જનતાના પાયાના પ્રશ્નો અને જાહેર મુદ્દાઓને લઈને યોજાતા વિરોધ પ્રદર્શનો અને આંદોલનોમાં સ્થાનિક નેતાઓની હાજરી પર વિશેષ ભાર મુકવામાં આવ્યો છે. કોંગ્રેસ નેતાગીરીનુ માનવુ છે કે જો સ્થાનિક જનપ્રતિનિધિઓ જ વિરોધ પ્રદર્શનમાં ગેરહાજર રહેશે તો જનતા વચ્ચે પક્ષની પકકડ નબળી પડી શકે છે. જો કોઈ પદાધિકારી કે કોર્પોરેટર પક્ષના કાર્યક્રમોમાં સતત ગેરહાજર જણાશે તો તેમની સામે શિસ્તભંગના કડક પગલા લેવામાં આવશે. પ્રમુખે સ્પષ્ટ કહ્યુ છે કે બેદરકારી દાખવનાર નેતાઓને માત્ર કારણદર્શક નોટીસ જ નહી, પરંતુ પક્ષમાંથી સિધા સસ્પેન્ડ કરવા સુધીની આકરી વહિવટી કાર્યવાહી કરવામાં આવી શકે છે. જો કોઈ વ્યાજબી કારણસર ગેરહાજર રહેવુ હોય તો તેની પૂર્વ મંજુરી અથવા લેખિત જાણ પક્ષના સંગઠનને અગાઉથી કરવી હવે ફરજીયાત રહેશે. અત્રે ઉલ્લેખનીય છે કે કોંગ્રેસ પક્ષમાં શિસ્ત લાવવા માટેની આ કવાયત થોડા દિવસ અગાઉ જ શરૂ થઈ ગઈ હતી. અમદાવાદ શહેર પ્રમુખ દ્વારા અગાઉ પક્ષના નિયમોનુ ઉલ્લંઘન કરનારા અને નિષ્ક્રિય રહેનારા ૨૦ જેટલા વોર્ડ પ્રમુખો અને ૧૨ જેટલા ચુંટાયેલા કોર્પોરેટરોને સત્તાવાર રીતે નોટીસ ફટકારવામાં આવી હતી. આ તમામ નેતાઓ પાસેથી પક્ષ વિરોધી પ્રવૃત્તિ અથવા ગેરહાજરી અંગે લેખિતમાં જવાબ માંગવામાં આવ્યો હતો. આ આકરા વલણ બાદ હવે અમદાવાદ કોંગ્રેસના આંતરીક રાજકારણમાં મોટો ગરમાવો આવી ગયો છે.

### વહીવટી પ્રક્રિયાને વેગ આપવા તાલુકા કક્ષાએ મસ્ટર નિભાવી દર મહિને રિવ્યુ લેવાશે: જિલ્લા પંચાયત પ્રમુખ શ્રી નીતિનભાઈ પટેલ

# મહેસાણા જિલ્લા પંચાયતની રાજ્યમાં સૌપ્રથમ નવતર પહેલ: 'જિલ્લા પંચાયત આપને દ્વાર' કાર્યક્રમનો શક્તિપીઠ બહુચરાજીથી પ્રારંભ

### પ્રજાના પ્રશ્નોના સ્થળ પર જ નિકાલ માટે વહીવટીતંત્ર સક્રિય; રોડ-રસ્તા, પાણી અને પંચાયતના પડતર પ્રશ્નો અંગે લેવાયો ત્વરિત નિર્ણય



ગ્રામ્ય વિસ્તારના નાગરિકોને પોતાના પડતર અને લોકહિતના પ્રશ્નોની રજૂઆત માટે જિલ્લા મથક સુધી લાંબા ન થવું પડે તે હેતુથી મહેસાણા જિલ્લા પંચાયત દ્વારા રાજ્યમાં સૌપ્રથમવાર 'જિલ્લા પંચાયત આપને દ્વાર' કાર્યક્રમની નવતર પહેલ કરવામાં આવી છે. મહેસાણા જિલ્લા પંચાયતના પ્રમુખ શ્રી નીતિનભાઈ પટેલના માર્ગદર્શન હેઠળ આ અભિયાનનો પ્રારંભ આજે સુપ્રસિદ્ધ શક્તિપીઠ બહુચરાજી ખાતેથી કરવામાં આવ્યો હતો. આ કાર્યક્રમ દ્વારા વહીવટીતંત્ર સીધું જ જનતાના દ્વારે પહોંચ્યું હતું, જેમાં અરજદારોને પ્રથમવાર ખુલ્લા મને પોતાના પાયાના પ્રશ્નો રજૂ કરવાનું સચોટ પ્લેટફોર્મ પૂરું પાડવામાં આવ્યું હતું.

બહુચરાજીના અન્નપૂર્ણા ભવન ખાતે આયોજિત આ કાર્યક્રમમાં બહુચરાજી અને આસપાસના ગ્રામ્ય વિસ્તારોના અરજદારોએ મોટી સંખ્યામાં ઉપસ્થિત રહીને રોડ-રસ્તા, પીવાનું પાણી, બોરવેલ, ગ્રામ પંચાયતમાં તલાટીની હાજરી અને નવીન ગ્રામ પંચાયત ભવન જેવા પાયાના પ્રશ્નોની રજૂઆત કરી હતી. જિલ્લા પંચાયત પ્રમુખ શ્રી નીતિનભાઈ પટેલે દરેક રજૂઆતને અત્યંત ગંભીરતાપૂર્વક સાંભળી હતી અને સ્થળ પર જ હાજર રહેલા સંબંધિત વિભાગના અધિકારીઓ પાસેથી પ્રશ્નો અંગે ખુલાસા માગ્યા હતા. પ્રમુખશ્રીએ તમામ વહીવટી અધિકારીઓને નિર્દેશ આપ્યા હતા કે જનતાના પ્રશ્નોનું સમયમર્યાદામાં નિકાલ લાવવો અને નાગરિકોને બિનજરૂરી હાલાકી ન પડે તેની તકેદારી રાખવી. આ કાર્યક્રમ દરમિયાન લોકહિતના વિવિધ કામો અંગે વિસ્તૃત ચર્ચાઓ થઈ હતી, જેમાં શંખલપુર-કાલરી બાયપાસ પર નહેરને કારણે અટવાયેલા ૨૦૦ મીટરના રસ્તાનું કામ પૂર્ણ કરવા, ડોડીવાડા-આદીવાડાથી ખાંભેલ ચોકડી સુધીના તૂટી ગયેલા રસ્તાને નવો અને પહોળો કરવા તેમજ કનોડા-રણેલા રોડનું અધૂરું કામ વહેલી તકે પૂર્ણ કરવા રજૂઆતો થઈ હતી.

આ ઉપરાંત રણેલા ગ્રામ પંચાયતમાં કાયમી તલાટીની નિમણૂક કરવા, નવું પંચાયત ઘર બનાવવા અને આકબા-બરિયફ રોડ નવો બનાવવા જેવી માગણીઓ પર પણ વિચારણા કરવામાં આવી હતી.

ગ્રામજનો દ્વારા સદુથલા ગામે પાણીનો નવો બોર બનાવવા અને રાતેજ-રાજપુરા-દેથલી રેલવે અંડરપાસના કારણે લાંબા સમયથી બંધ પડેલી એસટી બસોની સુવિધા પુનઃ શરૂ કરાવવા માટે ભારપૂર્વક રજૂઆત કરવામાં આવી હતી.

જિલ્લા પંચાયત પ્રમુખ શ્રી નીતિનભાઈ પટેલે આ પ્રસંગે જણાવ્યું હતું કે, વહીવટી સેવાઓ છેવાડાના માનવી સુધી સરળતાથી પહોંચે અને સ્થાનિક પ્રશ્નોનો સ્થાનિક કક્ષાએ જ ઉકેલ આવે તે આ કાર્યક્રમનો મુખ્ય ઉદ્દેશ્ય છે. આ પ્રક્રિયાને વધુ પારદર્શક અને અસરકારક બનાવવા માટે દરેક તાલુકામાં ચીટનીશ દ્વારા એક અલગ મસ્ટર નિભાવવામાં આવશે, જેમાં રજૂ થયેલા પ્રશ્નોની નોંધણી કરી ફોલોઅપ લેવામાં આવશે. જિલ્લા વહીવટીતંત્ર દ્વારા દર મહિને આ પ્રશ્નોની સમીક્ષા કરવામાં આવશે અને જે પ્રશ્નો રાજ્ય સરકારના કાર્યક્ષેત્રમાં આવતા હશે તેને ઉચ્ચ સ્તરે રજૂ કરી સત્વરે ઉકેલ લાવવાની દિશામાં પગલાં લેવામાં આવશે. કાર્યક્રમની શરૂઆતમાં બહુચરાજી ટીડીઓ જે.જે. ચૌધરીએ આ નવતર અભિગમની રૂપરેખા આપી સૌને માહિતગાર કર્યા હતા. લોક દરબારની સાથે જ આ સ્થળે સરકારની વિવિધ કલ્યાણકારી યોજનાઓના પ્રમાણપત્રોનું પણ વિતરણ કરવામાં આવ્યું હતું, જેમાં આયુષ્માન કાર્ડ, આવક અને જાતિના દાખલાના લાભાર્થીઓને અધિકારીઓના હસ્તે પ્રમાણપત્રો એનાયત કરાયા હતા. આ કાર્યક્રમમાં ધારાસભ્ય સુખાજી ઠાકોર, પૂર્વ મંત્રી શ્રી રજનીભાઈ પટેલ, જિલ્લા વિકાસ અધિકારી શ્રી અંચુ વિલ્સન સહિત અગ્રણીઓ કમલેશ દેસાઈ, દેવાંગ પંડ્યા તેમજ જિલ્લા અને તાલુકા પંચાયતના તમામ વિભાગોના ઉચ્ચ અધિકારીઓ ઉપસ્થિત રહ્યા હતા.

### ગુજરાત વર્ષ ૨૦૨૫માં "સ્ટેટ્સ વીથ મોસ્ટ ઈમ્પ્રુવમેન્ટ" શ્રેણીમાં સમગ્ર દેશમાં પ્રથમ

# ટીબી મુક્ત ભારત અભિયાન: કેન્દ્ર સરકારના અહેવાલમાં ગુજરાત દેશભરમાં અગ્રેસર : પ્રવક્તા મંત્રી શ્રી જીતુભાઈ વાઘાણી

### વર્ષ ૨૦૧૫ની સરખામણીએ વર્ષ ૨૦૨૩માં ટીબીના નવા દર્દીઓમાં ૩૪% અને મૃત્યુદરમાં ૩૭%નો નોંધપાત્ર ઘટાડો

કેબિનેટ બેઠક બાદ પ્રવક્તા મંત્રી શ્રી જીતુભાઈ વાઘાણીએ જણાવ્યું હતું કે, ભારત સરકારના અહેવાલ મુજબ વર્ષ ૨૦૧૫ની સરખામણીએ વર્ષ ૨૦૨૩માં ગુજરાતમાં ટીબીના નવા દર્દીઓના દરમાં ૩૪% અને ટીબીના કારણે થતા મૃત્યુદરમાં ૩૭%નો ઘટાડો નોંધાયો છે. આ ઉત્કૃષ્ટ કામગીરી બદલ ગુજરાતે વર્ષ ૨૦૨૫માં "સ્ટેટ્સ વીથ મોસ્ટ ઈમ્પ્રુવમેન્ટ" શ્રેણીમાં સમગ્ર દેશમાં પ્રથમ ક્રમ હાંસલ કર્યો છે.

મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલની અધ્યક્ષતામાં આજે રાજ્ય મંત્રી મંડળની બેઠક યોજાઈ હતી. જેમાં, વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીના મહત્વાકાંક્ષી 'ટીબી મુક્ત ભારત અભિયાન' અંતર્ગત ગુજરાત રાજ્ય દ્વારા કરવામાં આવેલી ઉત્કૃષ્ટ કામગીરી અંગે વિસ્તૃત ચર્ચા કરવામાં આવી હતી.



પ્રવક્તા મંત્રીશ્રીએ આ અંગે વધુમાં ઉમેર્યું હતું કે, ભારત સરકારના અદ્યતન અહેવાલ અનુસાર વર્ષ ૨૦૨૪ દરમિયાન ગુજરાતમાં ટીબીના નવા દર્દીઓનો અંદાજિત દર પ્રતિ એક લાખ વસ્તીએ ૧૮૬ નોંધાયો છે. જેના આધારે ગુજરાતે દેશના સૌથી ઓછું ટીબીનું ભારણ ધરાવતા રાજ્યોમાં છઠ્ઠો ક્રમ તથા મોટા રાજ્યોમાં ચોથો ક્રમ હાંસલ કર્યો છે.

ચાલુ વર્ષની કામગીરીની વિગતો આપતા મંત્રીશ્રીએ જણાવ્યું કે, જાન્યુઆરીથી મે–૨૦૨૬ દરમિયાન ભારત સરકાર દ્વારા પ્રો-રેટા મુજબ નિર્ધારિત ૫૮,૩૩૩ના લક્ષ્યાંક સામે રાજ્યમાં ૫૭,૩૩૪ એટલે કે ૯૮.૩૦% ટીબીના દર્દીઓને શોધી સારવાર હેઠળ લેવામાં આવ્યા છે. જેમાંથી, ૫૦,૯૨૮ એટલે કે, ૯૧% દર્દીઓ ટૂંકા ગાળામાં જ રોગમુક્ત થયા છે.

આ ઉપરાંત ભારત સરકાર દ્વારા તા. ૨૪ માર્ચ, ૨૦૨૬થી શરૂ કરાયેલ 'ટીબી મુક્ત ભારત અભિયાન – ૧૦૦ દિવસ ઝુંબેશ' અંતર્ગત રાજ્યના ૫,૦૧૨ ઉચ્ચ જોખમ ધરાવતા ગામોમાં ઘરે-ઘરે જઈ ટીબી સર્વેલન્સ હાથ ધરવામાં આવ્યું હતું.

આ અભિયાન દરમિયાન ૨૩.૩૮ લાખ વ્યક્તિઓનું ટીબી સ્ક્રીનિંગ, ૧૫.૦૪ લાખ વ્યક્તિઓની એક્સ-રે તપાસ, ૫.૦૫ લાખ વ્યક્તિઓની સચોટ NAAT તપાસ તથા ૩૨,૩૭૭ નવા ટીબી દર્દીઓનું નિદાન કરી સારવાર શરૂ કરવામાં આવી છે, તેમ તેમણે ઉમેર્યું હતું.

મંત્રીશ્રીએ જણાવ્યું હતું કે, નિ-ક્ષય પોષણ યોજના હેઠળ વર્ષ ૨૦૨૫ દરમિયાન ૧,૦૫,૨૩૮ ટીબી દર્દીઓને રૂ. ૫૭.૬૦ કરોડની આર્થિક સહાય કરવામાં આવી છે. પ્રધાનમંત્રી ટીબી મુક્ત ભારત અભિયાન હેઠળ જનપ્રતિનિધિઓ, પંચાયતી રાજ સંસ્થાઓ, કોર્પોરેટ ક્ષેત્ર તથા સ્વૈચ્છિક સંસ્થાઓ નિક્ષય મિત્ર તરીકે જોડાયા છે.

રાજ્યમાં અત્યાર સુધી ૩૦,૯૯૨ નિ-ક્ષય મિત્રો નોંધાયેલા છે, જેમણે દર્દીઓને ૫,૫૦,૧૮૪ પોષણ કિટોનું વિતરણ કર્યું છે. વર્ષ ૨૦૨૫ દરમિયાન રાજ્યની ૩,૯૭૧ ગ્રામ પંચાયતોએ 'ટીબી મુક્ત પંચાયત'નો દરજ્જો પ્રાપ્ત કર્યો છે, જે રાજ્યની કુલ ગ્રામ પંચાયતોના ૨૭% જેટલો હિસ્સો થાય છે.

- નિતિન રથવી

### માહિતી કમિશનરશ્રીની કચેરીની ઈલેક્ટ્રોનિક મીડિયા શાખાના વય નિવૃત્ત થતા સેવક શ્રી ભરતભાઈ મકવાણાને અપાયું વિદાયમાન

#### માહિતી કમિશનર શ્રી કે.એલ.બચાણીએ ખૂબ સન્માન પૂર્વક નિવૃત્તિનો ઓર્ડર એનાયત કરી ભાવભીની નિવૃત્તિ શુભેચ્છાઓ પાઠવી



(માહિતી બ્યુરો) : ગાંધીનગર : માહિતી કમિશનર કચેરીની ઈલેક્ટ્રોનિક મીડિયા શાખાના સેવક તરીકે ફરજ બજાવતા કર્મયોગી શ્રી ભરતભાઈ મકવાણાએ ૩૬ વર્ષથી વધુની સેવાકાળ દરમિયાન પોતાની ફરજો સુપેરે બજાવી છે. તેઓએ તેમની સેવાની શરૂઆતથી લઈને અત્યાર સુધી વિવિધ કચેરીઓમાં પોતાની શ્રેષ્ઠ સેવાઓ આપી છે.

માહિતી કમિશનર શ્રી કે.એ.બચાણી સાહેબની અધ્યક્ષતામાં યોજાયેલી સાંજની બેઠકમાં વય નિવૃત્ત થતા સેવક કર્મયોગી શ્રી ભરતભાઈ મકવાણાને ખૂબ સન્માન પૂર્વક નિવૃત્તિનો ઓર્ડર એનાયત કરી ભાવભીની નિવૃત્તિ શુભેચ્છાઓ પાઠવી વિદાયમાન આપવામાં આવ્યું હતું.

આ ગરિમાપૂર્ણ પ્રસંગે અધિક માહિતી નિયામક શ્રી ગઢવી, સંયુક્ત માહિતી નિયામક શ્રી જયેશ દવે, ઈલેક્ટ્રોનિક મીડિયા શાખાના નાયબ માહિતી નિયામક શ્રી પારુલ મણિયાર, નાયબ કાર્યપાલક ઈજનેર શ્રી કિરીટ બેક્કર અને સહાયક માહિતી નિયામક શ્રી શૈલેશ બલદાણીયા સહિતના વિવિધ શાખાના ઉચ્ચ અધિકારીશ્રીઓ ઉપસ્થિત રહ્યા હતા.

ઈલેક્ટ્રોનિક મીડિયા શાખા ખાતે યોજાયેલ વિદાય સમારંભ પ્રસંગે ઉપસ્થિત કર્મચારીઓ દ્વારા તેમને શાલ ઓઢાડી પુષ્પગુચ્છ અર્પણ કરી શ્રી ભરતભાઈ મકવાણાનું સન્માન કરાયું હતું. આ વેળાએ શ્રી ભરતભાઈએ તેમની સેવાકાળની ફરજ પ્રત્યેની કાર્યનિષ્ઠા સાથે જુના સંસ્મરણો વાગોળી ફરજ અંગે સંતોષની લાગણી વ્યકત કરી હતી. તેઓનું નિવૃત્ત જીવન સુખી, સ્વસ્થ, સમૃદ્ધ નીવડે અને તેઓ પોતાના પરિવાર સાથે સમય વ્યતીત કરે તેવી સૌએ શુભકામના પાઠવી હતી.

શ્રી ભરતભાઈ મકવાણાએ સૌ કર્મચારીઓનો આભાર વ્યકત કરતા જણાવ્યું હતું કે, માહિતી કચેરીમાં કામ કરવાનો અનુભવ ખૂબ જ સારો રહ્યો છે અને સૌએ પરિવાર જેવી ભાવના રાખી છે. તેમણે નોકરી દરમિયાન દરેક લોકો સાથે સુમેળભર્યા સંબધો જાળવી રાખવા તેમજ દરેકનું માન જળવાય તે રીતે કચેરીના તમામને આવકારવા જણાવ્યું હતું. આ પ્રસંગે ઈલેક્ટ્રોનિક મીડિયા શાખાના તમામ કર્મયોગીઓ સહિત શ્રી ભરતભાઈ મકવાણાના કુટુંબીજનો પણ ઉપસ્થિત રહ્યાં હતા.

### અંદાજીત રૂપિયા ૧.૬૫ કરોડનો મુદ્દામાલ નષ્ટ કરાયો

# કરોડો રૂપિયાના દારૂનો નાશ કરવાની કાર્યવાહી હાથ ધરાઈ

### ધાનેરા નજીક વીંછીવાડીમાં પોલીસે ૪૧ પ્રોહિબિશન કેસમાં જપ્ત ૩૩૭૧૦ દારૂ બોટલ રોડ રોલરથી નાશ કરી છે

(સંપૂર્ણ સમાચાર સેવા)બનાસકાંઠા

ગુજરાતમાં હાલ વરસાદી માહોલ વચ્ચે ચારેય તરફ પાણીની નદીઓ વહી રહી છે, જોકે દારૂબંધીવાળા આ ગુજરાતના ઉત્તર ભાગમાં આવેલ બનાસકાંઠા પંથકમાં હાલ જાણે દારૂની નદીઓ વહેતી હોય તેવા દ્રશ્યો સામે આવી રહ્યા છે. પ્રોહિબિશનના ગુનામાં પકડેલા આ કરોડોનો રૂપિયાના દારૂનૃ નાશ કરવાની કાર્યવાહી હાથ ધરી હતી. પોલીસે ડમ્પર ભરી ભરીને રસ્તા પર દારૂના બોક્સનો ઢગલા કર્યા હતા અને બાદમાં તેના પર રોડ રોલર ફેરવી દીધું હતું, ત્યા રોડ રસ્તા પર રિતસરની દારૂની નદીઓ વહેતી હોય તેવા દ્રશ્યો સર્જાયા હતા. મળતી માહિતી મુજબ, ધાનેરા પોલીસ સ્ટેશન દ્વારા વિવિધ પ્રોહિબિશન ગુનાઓમાં જપ્ત કરાયેલા દારૂના મુદામાલનો કાયદેસરની પ્રક્રિયા અંતર્ગત નાશ કરવામાં આવ્યો હતો. આ કાર્યવાહી ધાનેરા તાલુકાના વીંછીવાડી ગામ ખાતે હાથ ધરવામાં આવી હતી. વિવિધ ગુનામાં પકડાયેલ દારૂ અને બિયરના બોટલ ઉપર રોડ રોલર ફરી વળ્યું હતું અને દારૂની નદીઓ વહી હતી વિવિધ પ્રોહિબિશન ગુનાઓમાં જપ્ત કરાયેલા દારૂના જથ્થાનો નિયત પ્રક્રિયા મુજબ સ્થળ પર નિકાલ કરવામાં આવ્યો હતો.

સ્થળ પર ઊંડો ખાડો ખોદી તેમાં જપ્ત કરાયેલ દારૂનો નાશ કરવામાં આવ્યો હતો. તેમજ ત્યારબાદ અવશેષોને ખાડામાં પૂરી સ્થળને સુરક્ષિત રીતે બંધ કરવામાં આવ્યું હતું. આ કામગીરી દરમિયાન કુલ ૪૧ પ્રોહિબિશન ગુનાઓના મુદામાલનો નિકાલ કરવામાં આવ્યો હતો. જેમાં કુલ ૩૩,૭૧૦ દારૂની બોટલોનો નાશ કરવામાં આવ્યો હતો. નાશ કરાયેલા મુદામાલની કુલ અંદાજિત કિંમત રૂ. ૧,૬૫,૫૯,૫૭૧/- હોવાનું જણાવાયું હતું. આ કાર્યવાહી દરમિયાન સબ ડિવિઝનલ મેજિસ્ટ્રેટ ધાનેરા કે. એચ. વાઘેલા, DYSP ડો. જે. જે. ગામીત, નશાબંધી અધિકારી પી. જી. ચૌધરી તેમજ ધાનેરા પોલીસ ઈન્સ્પેક્ટર એસ. ડી. ચૌધરીની ઉપસ્થિતિમાં સમગ્ર પ્રક્રિયા પૂર્ણ કરવામાં આવી હતી.ધાનેરા પોલીસ દ્વારા કરવામાં આવેલી આ કાર્યવાહી ગેરકાયદે દારૂના વેપાર સામે કડક સંદેશરૂપ બની છે અને ભવિષ્યમાં પણ પ્રોહિબિશન કાયદાના અસરકારક અમલ માટે આવી કામગીરી યથાવત રાખવામાં આવશે.નોંધનીય છે કે, ગુજરાતમાં હાલ દારૂબંધી લાગુ છે. છતાં કરોડો રુપિયાનો દારૂ પકડાયો હોવાની ઘટનાઓ અવાર નવાર સામે આવતી રહે છે, ક્યાંક વાહન ચેકીંગ દરમિયાન તો ક્યાંક સ્થાનિક પોલીસની સતર્કતાથી દારૂ પકડાતો હોય છે. જ્યારે કેટલાક કિસ્સામાં તો સ્થાનિક પોલીસની નિષ્ક્રયતાને કારણે જીસ્ઝ(સ્ટેટ મોનિગરિંગ સેલ) અચાનક રેડની કાર્યવાહી કરી કરોડો રુપિયાનો વિદેશી દારૂ પકડી પાડે છે. એક રીતે જોતા પોલીસ દારૂ પકડી પાડે એ સારી બાબત છે, પરંતુ દારૂબંધી હોવા છતાં આટલો મોટી માત્રામાં દારૂ રાજ્યની સરહદમાં ઘૂસ્યો કરી રીતે તેવા પોલીસ સામે ગંભીર સવાલો ઉભા થઈ રહ્યા છે.

ઉલ્લેખનિય છે કે, તાજેતરમાં રાજકોટ રેન્જ આઈજીની ટીમે ધ્રાંગધ્રા હાઈવે પર કાર્પેટની આડમાં વિદેશી દારૂની હેરફેર ઝડપી પાડી છે. સોલડી ટોલનાકા પાસેથી વિદેશી દારૂ ભરેલ ટ્રક સાથે બે શખ્સ ને ઝડપી પાડ્યા છે. જેમની પાસેથી વિદેશી દારૂ અને બિયરના ટીન સહિત કુલ ૯૭૯૨ બોટલો તેમજ ટ્રક સહિત રૂપિયા ૨૮ લાખથી વધુનો મુદામાલ કબજે કરવામાં આવ્યો છે.

### આરોપી સહિત ચાર સામે છેતરપિંડી ફરિયાદ

# EDની ઓળખ આપી ૩.૧૮ કરોડ પડાવનારને ક્રાઈમ બ્રાન્ચે દબોચ્યો

(સંપૂર્ણ સમાચાર સેવા)અમદાવાદ

અમદાવાદમાં તારીખ ૬ ડિસેમ્બર ૨૦૨૪ ના રોજ નવરંગપુરાના સીજી રોડ પર આવેલી વિષ્ણુભાઈ કાંતિલાલ આંગડિયા પેઢી પર કેન્દ્રીય એજન્સી ED દ્વારા સર્ચ ઓપરેશન હાથ ધરવામાં આવ્યું હતું. આ રેડ દરમિયાન ED એ આંગડિયા પેઢી માંથી રૂપિયા ૧૧ કરોડ ૧૦ લાખની રોકડ કબજે કરી હતી. આ ઘટના બાદ આંગડિયા પેઢીના માલિકનો સંપર્ક વિજય દ્વારકાદાસ પટેલ ઉર્ફે વિજય મુખીએ કર્યો. તેમણે પેઢીના માલિકને વિશ્વાસ અપાવ્યો કે ED અને CBI માં તેના મોટા સાહેબો સાથે સીધા સંપર્કો છે અને ખૂબ જ સારા અને અંગત સબંધો છે અને તે ED દ્વારા કબજે કરવા માં આવેલ ૧૧ કરોડની રોકડ પાછી આપાવશે અને કેસ પણ પતાવી આપશે જેના બદલમાં અને આ કામ કરી આપવા માટે પેઢીના માલિકે ૩ કરોડ ૧૮ લાખ રૂપિયા આપવા પડશે ત્યારે આંગડિયા પેઢીના માલિક આ મહાઠગ વિજય પટેલ ઉર્ફે વિજય મુખીની લોભામણી વાતો માં આવી ગયા હતા અને ૩ કરોડ ૧૮ લાખ રૂપિયા આપી દીધા હતા ત્યારે લાંબો સમય થઈ જવા છતાં ન તો ED માંથી રૂપિયા ૧૧ કરોડ પરત આવ્યા કે ન તો કેસ પતાવી આપ્યો હતો, ત્યારે આંગડિયા પેઢીના માલિકે મહાઠગ વિજય મુખીને ૩ કરોડ ૧૮ લાખ રૂપિયા પરત આપી દેવા કહ્યું પણ મહાઠગ વિજય મુખી તેમાં પણ ગલાતલા કરી રહ્યો હતો, ત્યારે આંગડિયા પેઢીના માલિક છેતરાયા હોવા નું લગતા અમદાવાદ ક્રાઈમ બ્રાંચ ના દરવજા ખખડાવ્યા હતા અને આરોપી સહિત ચાર સામે છેતરપિંડી ફરિયાદ નોંધાવી હતી. અમદાવાદ ક્રાઈમ બ્રાન્ચે ને ફરિયાદ મળતાની સાથે જ અમદાવાદ ક્રાઈમ બ્રાન્ચ એ અલગ અલગ ટીમો બનાવીને આરોપી વિજય પટેલ અને તેની ગેંગનું પગેરું મળવા અને માહિતી મેળવા પ્રયાસ હાથ ધર્યા હતા ત્યારે જ અમદાવાદ ક્રાઈમ બ્રાંચને ગણતરીના કલાકોમાં આરોપી વિજયકુમાર દ્વારકાદાસ પટેલ ઉર્ફે મુખી ને લઈ ને એક સફળતા મળી જેમાં આરોપી વિજય મુખી ની ધરપકડ થઈ હતી. અમદાવાદ ક્રાઈમ બ્રાન્ચે આરોપી પાસેથી લાખો રૂપિયાની કિંમતની લક્ઝુરિયસ BYD ઈલેક્ટ્રિક કાર પણ કબજે કરી હતી. આરોપીને કોર્ટમાં રજૂ કરી પોલીસે આરોપીના ૬ દિવસના રિમાન્ડ મેળવીને તપાસ અને પૂછ પરછ હાથ ધરી હતી. જેમાં વિગતો સામે આવી છે આરોપી એક. ગેંગ આખી ચલાવે છે જેમાં સુધાંશુ ઝા જે વકીલ છે આરોપી દર્શન દુલારામ વૈધ, પ્રવીણ માધવજી ભાનુશાલી અને વિરાટ અક્ષય સીંગ સાગરિતો તરીકે સમાવેશ થાય છે ત્યારે અમદાવાદ ક્રાઈમ બ્રાન્ચે છેતરપિંડી ના કેસમાં ગયેલ ૩ કરોડ ૧૮ લાખ રૂપિયા અને અન્ય સાગરિતો ને ઝડપી પાડવા માટે પ્રયાસ હાથ ધર્યા છે. અમદાવાદ ક્રાઈમ બ્રાન્ચે પોલીસ રિમાન્ડમાં વિજય મુખીની ક્રાઈમ કુંડળી તપાસતા સામે આવ્યું છે કે આરોપી વિજયકુમાર દ્વારકાદાસ પટેલ ઉર્ફે મુખી એ મૂળ મહેસાણા જિલ્લા ના વિજાપુર તાલુકા ના કુકરવાડા ગામ નો વતની છે ધોરણ ૧૨ સુધીનો અભ્યાસ કર્યો છે ત્યાર બાદ આરોપી વિજયકુમાર દ્વારકાદાસ પટેલ ઉર્ફે મુખી લંડન ગયો હતો ત્યાંથી CA નો અભ્યાસ કર્યો છે અને વર્ષ ૨૦૧૦ થી ૨૦૧૮ સુધી લંડનના લેસ્ટરમાં રહેતો હતો.



તસવીર યુનુસ મેમણ

સાબરકાંઠા જિલ્લા સહકારી સંઘ દ્વારા આયોજીત આંતરરાષ્ટ્રીય સહકારી કાર્યક્રમ નિમિત્તે વૃક્ષારોપણ કાર્યક્રમ યોજાયો હતો. જેમાં ગુજરાત રાજય સહકારી સંઘના ડીરેકટર મહેશભાઈ પટેલ તથા જિલ્લા સહકારી સંઘના એકિઝકયુટીવ ઓફીસર જિગ્નેશભાઈ ચૌધરી તેમજ સ્ટાફ તથા રાજય સહકારી સંઘના કર્મચારીઓ પણ હાજર રહ્યા હતા.

# EV સ્કૂટર પર ટ્યુશને જતા સગીરને અડફેટે લઈ ડ્રાઈવર ફરાર થયો

(સંપૂર્ણ સમાચાર સેવા)અમદાવાદ

ગુજરાતમાં અકસ્માતની હારમાળા વચ્ચે હાલ અમદાવાદ શહેરમાં કંપારી છૂટાવતા અકસ્માતની ઘટના સામે આવી રહી છે. તાજેતરમાં બેફામ દોડતા ભારે વાહનો માસૂમ નાગરિકો માટે ફરી એકવાર કાળ સાબિત થયા છે. આ બનાવમાં અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન (AMC)નું ડમ્પર જ યમરાજ બન્યું હોવાની વિગતો સામે આવી રહી છે. જેણે ટ્યુશને જઈ રહેલા એક સગીર વયના બાળકનો માસૂમ જીવ છીનવી લીધો છે. આ હૃદયદ્રાવક ઘટનાને પગલે સ્થાનિક લોકોમાં ભારે રોષ અને શોકની લાગણી વ્યાપી ગઈ છે. ઘટનાની વિગતો મુજબ, આ ગમખ્વાર અકસ્માત આજે ૧લી જુલાઈને બુધવારે સવારના સમયે અમદાવાદ શહેરના પૂર્વ વિસ્તારમાં આવેલ પીરાણા દેવ હોટલ પાસે સર્જાયો હતો. એક સગીર વયનો છોકરો પોતાનું ઈલેક્ટ્રિક વ્હીકલ (EV) લઈને હંમેશની જેમ ટ્યુશન જવા માટે નીકળ્યો હતો. તે દરમિયાન માર્ગ પરથી પસાર થઈ રહેલા એએમસીના પૂરપાટ ઝડપે આવતા ડમ્પરે આ ઈવી ચાલક સગીરને જોરદાર અડફેટે લીધો હતો.

ડમ્પરની ટક્કર એટલી ભયાનક હતી કે સગીર રોડ પર પટકાયો હતો અને તેને ગંભીર ઈજાઓ પહોંચી હતી. અકસ્માત સર્જાયા બાદ આસપાસના લોકો તાત્કાલિક ઘટનાસ્થળે દોડી આવ્યા હતા.

## આરોપી વ્યક્તિના દેખાવની માંગ કરતો દાવો

કલમ 82 Cr. P.C. / 84 BNSS જુઓ

મારી સમક્ષ ફરિયાદ કરવામાં આવી છે કે આરોપી હર્ષદ કુમાર મહેન્દ્ર ભાઈ પટેલ પુત્ર મહેન્દ્ર ભાઈ બાલચંદ ભાઈ પટેલ નિવાસી વાસધોલાસન મહેસાણા શહેર, ગુજરાત એ FIR નં. 276/2022 U/s 420/468/471 IPC, P.S. IGI એરપોર્ટ, નવી દિલ્હી માં ગુનો કર્યો છે (અથવા કર્યો હોવાની શંકા છે) અને તે ધરપકડ વોરંટ પર પરત કરવામાં આવ્યું છે જેના પર જારી કરવામાં આવ્યું છે કે ઉપરોક્ત આરોપી હર્ષદ કુમાર મહેન્દ્ર ભાઈ પટેલ મળી શકતો નથી અને જ્યારે મારા સંતોષ મુજબ દર્શાવવામાં આવ્યું છે કે ઉપરોક્ત આરોપી હર્ષદ કુમાર મહેન્દ્ર ભાઈ પટેલ ફરાર થઈ ગયો છે (અથવા ઉપરોક્ત વોરંટની સેવા ટાળવા માટે પોતાને છુપાવી રહ્યો છે).

આથી જાહેર કરવામાં આવે છે કે ઉપરોક્ત આરોપી હર્ષદ કુમાર મહેન્દ્ર ભાઈ પટેલ કેસ FIR નં. 276/2022 U/s 420/468/471 IPC, P.S. IGI એરપોર્ટ, નવી દિલ્હીએ 04.08.2026 ના રોજ અથવા તે પહેલાં આ ફરિયાદનો જવાબ આપવા માટે આ કોર્ટ સમક્ષ હાજર થવું જરૂરી છે.

આદેશ દ્વારા
શ્રી પ્રણવ જોશી
વધારાના મુખ્ય ન્યાયિક મેજિસ્ટ્રેટ-01
કોર્ટ નં. 02, ગ્રાઉન્ડ ફ્લોર,મેઈન બિલ્ડીંગ
પટિયાલા હાઉસ કોર્ટ, દિલ્હી

DP/6232/IGIA/2026 (કોર્ટ મેટર)

### રાજસ્થાનના શ્રીગંગાનગર માં બની શરમજનક ઘટના?

# ૧૩ વર્ષની કિશોરી પર ૦૪ દિવસમાં બાર જણા નો બળાત્કાર ૧૦ લોકોની કરાઈ ધરપકડ

(છગનલાલ મેવાડા ધ્વારા) સુરત

એક બાજુ દેશભરમાં ગાઈ વગાઈ ને કહેવાય છે કે "બેટી બચાવો, બેટી પઢાવો" પણ અહીં તો માત્ર ૧૩ વર્ષની કિશોરીને જાણે કે પટાવી એની જિંદગી ધૂળધાણી કરવાનો શરમજનક બનાવ સામે આવ્યો છે.

આ અંગે મળતી માહિતી અનુસાર રાજસ્થાનના શ્રી ગંગાનગરમાં ચાર દિવસમાં લગભગ એક ડઝન લોકોએ આઠમા ધોરણમાં ભણતી ૧૩ વર્ષની એક સ્કૂલ ગર્લ પર જાતિય હુમલો કર્યો હતો. શનિવારે બહાર આવેલા આ કેસમાં ૧૦ જણાની ધરપકડ બાદ પોલીસ તપાસ વ્યાપક બની છે.

આ મુદ્દે નોંધવામાં આવેલા ફર્સ્ટ ઈન્ફોર્મેશન રિપોર્ટ (FIR ) માં જણાવવામાં આવ્યું છે કે આરોપીઓએ દુર્વ્યવહાર દરમિયાન કિશોરી ને દારૂ પીવડાવ્યો હતો. ચાર હોટલમાં કિશોરી પર અત્યાચાર કરવામાં આવ્યો હતો.

છોકરીના પરિવારે તેના ગુમ થયાની ફરિયાદ નોંધાવ્યા બાદ પોલીસે ૨૨ જૂને તેને હોટલ જોય ઈનમાંથી શોધી કાઢી હતી. જે આ આરોપીઓની ભોગ બની હતી.

### વાતો જ્યારે વિકાસ અને સુરક્ષાની કરાતી હોય ત્યારે

# સફાઈ કામ કરતા કરતા ઊંડી ગટર માં પડીને થતા સફાઈ કર્મીઓના મોત માટે ક્યારે વિચારશે?

(છગનલાલ મેવાડા ધ્વારા) સુરત

આજકાલ નાના-મોટા કામો પણ આધુનિક સાધનોની મદદથી કરવામાં આવે છે. પરંતુ પરંપરાગત પદ્ધતિઓનો ઉપયોગ કરીને ગટરોની જોખમી સફાઈ કામગીરી ચાલુ રખાઇ છે. પરિણામે સેપ્ટીક ટાંકી અને ગટરની સફાઈ દરમિયાન મૃત્યુ એક સામાન્ય ઘટના બની ગઈ છે.

ગત અઠવાડિયે રાષ્ટ્રીય રાજધાની દિલ્હીના મુંડાકા વિસ્તારમાં આવી જ એક ઘટના પ્રકાશમાં આવી હતી. જ્યાં ફેક્ટરીની સેપ્ટિક ટાંકી સાફ કરતી વખતે ઝેરી ગેસ નો ભોગ બનતા ત્રણ કામદારોએ જીવ ગુમાવ્યા હતા. આ ઘટનાએ ફરી એકવાર સલામતીના ધોરણોની અવગણનાને ઉજાગર કરી છે. અહેવાલો અનુસાર કામદારોને કોઈપણ સલામતીની વ્યવસ્થા વિના સેપ્ટિક ટાંકીમાં મોકલવામાં આવ્યા હતા. જેના કારણે આ દુર્ઘટના બની હતી. આ હકીકત સ્પષ્ટપણે દર્શાવે છે કે દિલ્હી સહિત સમગ્ર દેશમાં કોર્ટના નિર્દેશોનો ગંભીરતાથી અમલ થઈ રહ્યો નથી. આ મુદ્દા અંગેના વિગતવાર આદેશમાં સર્વોચ્ચ અદાલત એ સ્પષ્ટપણે જણાવ્યુ હતું કે સેપ્ટિક ટાંકી અને ગટરની મેન્યુઅલ સફાઈ પર સંપૂર્ણપણે પ્રતિબંધ મૂકવો જોઈએ.છતાં આપણા ગુજરાત સહિત અનેક રાજ્યોમાં આ પ્રકારની દુર્ઘટના ના સમાચારો સમયાંતરે આવતા જ રહે છે. એ ગંભીર ચિંતા નો વિષય છે કે સલામતીના ધોરણોનું પાલન કરવાના કડક નિર્દેશો હોવા છતાં કામદારોને સાવચેતીના પગલાં વિના ગટર અને સેપ્ટિક ટાંકીમાં ઉતારવામાં આવે છે. ઝેરી વાયુઓ વચ્ચે કામદારોને મોકલતા પહેલા ઓક્સિજનનું સ્થળ તપાસવા અથવા તેની શુદ્ધતાનું મૂલ્યાંકન કરવાનો કોઈ પ્રયાસ કરવામાં આવતો નથી. આમ આવા અકસ્માતોમાં જીવ ગુમાવનારા સફાઈ કામદારો ના પરિવારોને વળતર આપવા અંગે પણ કોઈ સ્પષ્ટ નીતિ નથી. વાસ્તવમાં ફક્ત કાગળ પર નિયમો ઘડવાથી પ્રણાલીગત સુધારો થતો નથી. જરૂરી છે કે તેનો કડક અમલ જમીન પર થાય અને આ પ્રકારના શરમજનક કલંકિત બનાવો થી કાયમને માટે મુક્તિ મળે એ જ ઈચ્છનીય છે.

# હવે પોલીસની મનમાની નહી ચાલેઃ ૨૦૨૭ સુધીમાં એફઆઈઆર થી લઈ ચાર્જશીટ બધુ ડીઝીટલ થઈ જશે




પ્રતિનિધિ,ગાંધીનગર

૧ જાન્યુઆરી ૨૦૨૭ સુધીમાં સમગ્ર દેશમાં એફઆઈઆર નોંધવાથી લઈને તપાસ, પુરાવા એકત્ર કરવા અને ચાર્જશીટ દાખલ કરવા સુધીની સમગ્ર પ્રક્રિયાને ડીઝીટાઈઝ કરવાનો ધ્યેય છે.

કેન્દ્રીય ગૃહમંત્રાલયના સુત્રોના જણાવ્યા અનુસાર આ વરસના ૩૧ ડીસેમ્બર સુધીના રાજયોમાં જરૂરી ટેકનીકલ ઈન્ફ્રાસ્ટ્રકચર બનાવવાની યોજના છે. આ પછી તપાસ અધિકારીઓની કેસ ડાયરીઓને પણ સંપૂર્ણપણે ડીઝીટલાઈઝ કરવામાં આવશે અને પેપરલેસ તપાસ સિસ્ટમ લાગુ કરવામાં આવશે, ગઈ કાલે ૩ નવા કાયદા બીએનએસ (ભારતીય ન્યાય સંહિતા) બીએનએસએસ (ભારતીય નાગરીક સંરક્ષણ સંહિતા) અને બીએસએ (ભારતીય પુરાવા અધિનિયમ) એ ૧ જુલાઈ ૨૦૨૪ થી અમલમાં આવતા બે વરસ પૂર્ણ કર્યા છે. આ ૭૩૦ દિવસોમાં હરીયાણા આ ત્રણેય કાયદાઓના તમામ ધોરણોને પૂર્ણ કરવા માટે યાદીમાં ટોચ પર છે.

હરીયાણા ઉપરાંત ગોવા બીજા સ્થાને છે, ત્યારબાદ આસામ, ચંદીગઢ અને પંજાબ પાંચમા સ્થાને છે. દિલ્હી આ યાદીમાં સામેલ નથી, હાલમાં પણ ત્રણેય કાયદાઓના અમલીકરણ પછી ડીઝીટલ પ્રક્રિયાઓ અપનાવવાથી ૨૫ ટકા સમય બચ્યો છે.

૩૧ ડીસેમ્બર સુધીમાં રાજયોમાં જરૂરી ટેકનીકલ ઈન્ફ્રાસ્ટ્રકચર તૈયાર થઈ જશે, કેસ ડાયરી, સાક્ષીઓના નિવેદનો, પુરાવા અને ચાર્જશીટ સંપૂર્ણપણે ઓનલાઈન થઈ જશે. જીરો એફઆઈઆર સિસ્ટમે પણ નોધપાત્ર અસર દર્શાવી છે.

બે વરસમાં દેશભરમાં ૬૩,૫૭૨ જીરો એફઆઈઆર નોંધાઈ હતી. આમાંથી આશરે ૧૩ હજાર કેસ અન્ય રાજયો સાથે સંબંધિત હતા. આ સિસ્ટમ હેઠળ પીડીત કોઈપણ રાજયના કોઈપણ પોલીસ સ્ટેશનમાં એફઆઈઆર નોંધાવી શકે છે અને ત્યારબાદ કેસ સંબંધિત રાજય અથવા પોલીસ સ્ટેશનમાં ટ્રાન્સફર કરવામાં આવે છે.

સુત્રોના જણાવ્યા અનુસાર ૯૦ દિવસમાં ચાર્જશીટ ફાઈલ કરવાનો દર ૨૦૨૪ માં આશરે ૪૦ ટકા થી વધીને હવે ૬૧ ટકા થઈ ગયો છે. દરમિયાન જાતિય અપરાધના કેસોમાં બે મહિનાની અંદર ચાર્જશીટ દાખલ કરવાનો દર ૨૦૧૮ માં ૪૪ ટકા થી વધીને ૨૦૨૫ માં ૭૫ ટકા થયો છે. ગૃહ મંત્રાલય માને છે કે ડીઝીટલ તપાસ પ્રણાલીના અમલીકરણથી તપાસ વધુ જવાબદાર, પારદર્શક અને સમયસર બનશે, તે દસ્તાવેજ દેખરેખ ને પણ સરળ બનાવશે. વિલંબ ઘટાડશે અને પીડીતો માટે સમયસર ન્યાય સુનિશ્ચિત કરાશે.

# રાજકોટ એઈમ્સમાં ઓર્ગન ટ્રાન્સપ્લાન્ટની સંપૂર્ણ સુવિધાની આરોગ્ય મંત્રીએ કેન્દ્રમાં કરી માંગ



પ્રતિનિધિ,ગાંધીનગર

કેન્દ્રીય આરોગ્ય અને પરીવાર કલ્યાણ મંત્રી જે પી નડ્ડાની અધ્યક્ષતામાં નવી દિલ્હી ખાતે યોજાયેલી કેન્દ્રીય આરોગ્ય અને પરીવાર કલ્યાણ પરીષદ ની ૧૬ મી બેઠકમાં ગુજરાતના આરોગ્યમંત્રી પ્રફુલ પાનસેરીયાએ રાજયનુ પ્રતિનિધિત્વ કર્યુ હતું.

આ બેઠક દરમિયાન દેશના આરોગ્ય ક્ષેત્રમાં ડીઝીટલ પરીવર્તનને વધુ વેગ આપવાના હેતુથી આયુષ્યમાન ભારત ડીઝીટલ મિશન હેઠળ આરોગ્ય સેવાઓના વિવિધ ડીઝીટલ પ્લેટફોર્મ નુ લોકાર્પણ કરવામાં આવ્યુ હતું. આયુષ્યમાન ભારત ડીઝીટલ મિશનથી આરોગ્ય સેવાઓમાં ડીઝીટલ પરીવર્તનને નવી ગતિ સાથે એનીમીયા મુકત ભારત અભિયાનની સંચાલન માર્ગદર્શિકાઓનુ પણ વિમોચન કરવામાં આવ્યુ હતું. જે કુપોષણ મુકત અને સ્વસ્થ્ય ભારતના નિર્માણ તરફનુ મહત્વપૂર્ણ પગલુ છે. પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીના દુરંદેશી નેતૃત્વ હેઠળ આરોગ્ય સેવાઓને વધુ સુલભ, પારદર્શક અને ટેકનોલોજી આધારીત બનાવવાના સંકલ્પને વધુ મજબુતી આપતા આ પ્રયાસોની આ બેઠકમાં પ્રશંસા કરવામાં આવી હતી.

૧૬ મી બેઠક દરમિયાન આરોગ્ય મંત્રી પ્રફુલ પાનસેરીયાએ ગુજરાત અને દેશના આરોગ્ય ક્ષેત્રને વધુ સશકત બનાવવા માટે કેન્દ્ર સરકાર સમક્ષ અનેક મહત્વપૂર્ણ સુચનો રજુ કર્યા હતા.

આ સૌરાષ્ટ્ર અને કચ્છ વિસ્તારના દર્દીઓને ઓર્ગન ટ્રાન્સપ્લાન્ટની અદ્યતન સારવાર સરળતાથી ઉપલબ્ધ બને તે માટે રાજકોટ સ્થિત એઈમ્સમાં ઓર્ગન ટ્રાન્સપ્લાન્ટ્સની સંપૂર્ણ સુવિધા વિકસાવવાની માંગણી કરી હતી. આ સુવિધા ઉપલબ્ધ થતા રાજયના પશ્ચિમ વિસ્તારના હજારો દર્દીઓને સમયસર અને ગુણવત્તાસભર સારવારનો લાભ મળશે. ફુડ અને ડ્રગ્સમાં ભેળસેળ કરનારા તત્વો સામે વધુ અસરકારક કાર્યવાહી માટે તેમણે વર્ષ ૨૦૦૬ ના ફુડ સેફટી એન્ડ સ્ટાન્ડર્ડસ એકટ માં જરૂરી સુધારા કરીને વધુ કડક અને નિરોધાત્મક કાનુની જોગવાઈઓ લાવવાની કેન્દ્ર સરકારને ભલામણ કરી હતી. જેથી જન સ્વાસ્થ્ય સાથે ચેડા કરનારાઓ સામે કડક કાર્યવાહી કરીને ભેળસેળના ગુન્હાઓ પર અસરકારક નિયંત્રણ સ્થાપી શકાય. દેશમાં એન્ટિબાયોટીક દવાઓના વધતા અને અનિયંત્રિત ઉપયોગ અંગે પણ પ્રફુલ પાનસેરીયાએ ચિંતા વ્યકત કરી હતી. તેમણે જણાવ્યુ હતુ કે એન્ટિબાયોટીકના અતિરેક ઉપયોગને કારણે દવાઓ સામે પ્રતિકારક ક્ષમતા જેવી ગંભીર સમસ્યા ઉભી થઈ રહી છે. તેથી દેશવ્યાપી સ્તરે એન્ટિબાયોટીકના જવાબદાર અને નિયંત્રિત ઉપયોગ માટે અસરકારક નિતી તથા કડક અમલીકરણની જરૂરીયાત છે.

આ પ્રસંગે પ્રફુલ પાનસેરીયાએ જણાવ્યુ હતુ કે પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીના માર્ગદર્શન હેઠળ મુખ્યમંત્રી ભુપેન્દ્ર પટેલના નેતૃત્વમાં ગુજરાત સરકાર દરેક નાગરીક સુધી ગુણવત્તાસભર, સુલભ અને આધુનિક આરોગ્ય સેવાઓ પહોચાડવા માટે સતત પ્રતિબધ્ધ છે અને કેન્દ્ર સરકાર સાથે સંકલનમાં રહી રાજયના આરોગ્ય ક્ષેત્રને વધુ મજબુત બનાવવા માટે કાર્યરત રહેશે.

# આજે ચૈતર વસાવાના સમર્થનમાં યોજાશે જનસભાઃ અનંત પટેલે સભામાં જોડાવવા કર્યુ આહવાન



પ્રતિનિધિ,ગાંધીનગર


ગુજરાતના ડેડીયાપાડાના ધારાસભ્ય ચૈતર વસાવાને લગતા કેસમાં અદાલતી કાર્યવાહી બાદ રાજયના આદિવાસી વિસ્તારોમાં રાજકીય અને સામાજિક ચર્ચાઓ તેજ બની ગઈ છે.

વિવિધ આદિવાસી સંગઠનો અને સમાજના લોકો પોતાના અધિકારો, વિકાસ અને પ્રતિનિધિત્વના મુદ્દાઓને લઈને વધુ સક્રિય બન્યા છે. અનેક સ્થળોએ બેઠકો અને રજુઆતો દ્વારા સરકાર સમક્ષ પોતાની માંગણીઓ રજુ કરવામાં આવી રહી છે.

તો બીજી તરફ આજે ચૈતર વસાવાના સમર્થનમાં હવે કોઈ પણ પક્ષના નેતાઓ હોય પણ તેઓ આદિવાસી સમાજમાંથી આવતા હોવાના કારણે આ સંમેલનમાં જોડાશે. આદિવાસી વિસ્તારમાં ચૈતર વસાવાનુ પ્રભુત્વ છે. તેટલુ જ અનંત પટેલ નુ મહત્વ જોવા મળ્યુ છે.

ઘણીવાર ઘણા આદિવાસી કાર્યક્રમોમાં અનંત પટેલ અને ચૈતર વસાવા એક સાથે જોવા મળતા હોય છે અને આ પહેલા પણ જયારે ચૈતર વસાવા જેલમાં ગયા હતા ત્યારે પણ અનંત પટેલ સરકાર સામે વિરોધમાં ઉતર્યા હતા. જયારે આજે પણ ડેડીયાપાડામાં યોજાનાર જનસમર્થન સભામાં અનંત પટેલ પણ જોડાવવાના છે અને જેના માટે તેમણે સોશીયલ મીડીયાના માધ્યમથી વધુમાં વધુ લોકોને આ સભામાં જોડાવવા આહવાન કર્યુ છે.

# ગુજરાત સરકારે નિર્દોષ છુટનારા આરોપીઓ માટે લીધો મહત્વનો નિર્ણયઃ ફોજદારી કેસમાં આરોપી નિર્દોષ છુટે તો હવે પોલીસ અને સરકારી વકીલની થશે તપાસ




પ્રતિનિધિ,ગાંધીનગર

ગુજરાતમાં ફોજદારી કેસોની તપાસ અને કોર્ટમાં રજુ થતી સરકારી દલીલોને વધુ જવાબદાર અને અસરકારક બનાવવા માટે રાજય સરકારે મહત્વપૂર્ણ નિર્ણય લીધો છે. હવે જો કોઈ ફોજદારી કેસમાં આરોપી કોર્ટમાંથી નિર્દોષ છુટી જશે તો માત્ર કેસ નો અંત માનવામાં નહી આવે, પરંતુ તે કેસમાં તપાસ કરનાર પોલીસ અધિકારી અને કેસ લડનાર સરકારી વકીલ ની કામગીરીની પણ સમીક્ષા કરવામાં આવશે. રાજયના ગૃહવિભાગ દ્વારા આ હેતુસર વિશેષ સમીક્ષા સમિતિ ની રચના કરવામાં આવી છે. આ સમિતિનુ અધ્યક્ષપદ ડાયરેકટર ઓફ પ્રોસીકયુસન અંબાલાલ આર પટેલને સોંપવામાં આવ્યુ છે. સમિતિનો મુખ્ય હેતુ એ રહેશે કે આરોપી નિર્દોષ છુટવા પાછળ કોઈ તપાસની ખામી, પુરાવા એકત્ર કરવામાં થયેલી ભુલ અથવા કોર્ટમાં કેસ રજુ કરતી વખતે થયેલી બેદરકારી જવાબદાર હતી કે નહી તેની તટસ્થ રીતે તપાસ કરવામાં આવશે. સરકારના જણાવ્યા મુજબ સુપ્રિમ કોર્ટના નિર્દેશો અને કેન્દ્ર સરકાર દ્વારા આપવામાં આવેલા માર્ગદર્શક સુચનોને ધ્યાનમાં રાખીને આ સમિતિની રચના કરવામાં આવી છે. છેલ્લા કેટલાક વરસોમાં અનેક ગંભીર ફોજદારી કેસોમાં આરોપીઓ પુરાવાના અભાવે અથવા તપાસની ખામીઓને કારણે નિર્દોષ છુટી જતા હોવાના કિસ્સાઓ બહાર આવ્યા હતા. આવા કેસોમાં ઘણી વખત સવાલ ઉઠતો હતો કે તપાસમાં કયાં ભુલ થઈ, પુરાવા યોગ્ય રીતે કેમ રજુ ન થયા અથવા સરકારી પક્ષ દ્વારા દલીલોમાં કોઈ ક્ષતિ રહી ગઈ હતી કે કેમ, હવે આવી તમામ બાબતોની વ્યવસ્થિત સમીક્ષા કરવામાં આવશે. નવી વ્યવસ્થા મુજબ જે કેસોમાં કોર્ટ આરોપીને નિર્દોષ જાહેર કરશે, તેવા કેસોના ચુકાદા અને કોર્ટના અવલોકનોનુ સમિતિ દ્વારા વિગતવાર મુલ્યાંકન કરવામાં આવશે. સમિતિ તપાસ કરશે કે પોલીસ દ્વારા ઘટનાસ્થળની તપાસ, પુરાવા એકત્ર કરવાની પ્રક્રિયા, સાક્ષીઓના નિવેદનો, ચાર્જશીટ ની તૈયારી અને અન્ય તપાસ પ્રક્રિયામાં કોઈ ખામી રહી હતી કે નહી, સાથે જ કોર્ટમાં કેસ ચલાવતી વખતે પબ્લીક પ્રોસીકયુટરે પોતાની ફરજ યોગ્ય રીતે નિભાવી હતી કે નહી, તેની પણ સમીક્ષા કરવામાં આવશે. સરકારે સ્પષ્ટ કહ્યુ છે કે દરેક નિર્દોષ ચુકાદા પછી આપમેળે અધિકારીઓ સામે કાર્યવાહી કરવામાં આવશે એવુ નથી, પરંતુ જો સમિતિના અભ્યાસમાં એવુ સામે આવશે કે આરોપી સામાન્ય કાનુની કારણોસર નહી પરંતુ તપાસની ગંભીર ખામી, પુરાવા રજુ કરવામાં થયેલી બેદરકારી અથવા પ્રોસીકયુશનની ક્ષતિને કારણે નિર્દોષ છુટયો છે, તો જવાબદાર અધિકારીઓ સામે ખાતાકીય કાર્યવાહી માટે ભલામણ કરવામાં આવશે. આવી સ્થિતિમાં સંબંધિત પોલીસ અધિકારી અથવા પબ્લીક પ્રોસીકયુટર સામે શિસ્તભંગના નિયમો હેઠળ કાર્યવાહી શરૂ કરવા માટે સંબંધિત શિસ્ત અધિકારીને સમિતિ પોતાની ભલામણ મોકલશે. અત્યાર સુધી મોટાભાગે તપાસની ગુણવત્તા અંગે ચર્ચા થતી હતી, પરંતુ હવે સરકારી વકીલોની કામગીરી પણ સમીક્ષાના દાયરામાં આવશે. કોર્ટમાં પુરાવા કેવી રીતે રજુ કરવામાં આવ્યા, દલીલો કેટલી અસરકારક રહી અને કેસને યોગ્ય રીતે આગળ વધારવામાં આવ્યો કે નહી, તે સહિતના તમામ પાસાઓની નોધ તૈયાર કરવામાં આવશે. આથી ભવિષ્યમાં સરકારી વકીલો પર પણ વધુ જવાબદારી આવશે અને ફોજદારી કેસોની કાર્યવાહી વધુ વ્યવસાયીક અને જવાબદાર બને તેવી સરકારની અપેક્ષા છે. વિશેષ સમિતિ માત્ર ભલામણો આપીને અટકી જશે નહી, સમિતિ દ્વારા જે કેસોમાં કાર્યવાહી કરવાની ભલામણ કરવામાં આવશે, તેમાં આગળ શું પગલા લેવામાં આવ્યા તેની પણ સતત સમીક્ષા કરવામાં આવશે. ડાયરેકટર ઓફ પ્રોસીકયુશનની કચેરી દ્વારા સમાંયતરે સમિતિની બેઠકો યોજાશે. જરૂર જણાય તો અનુભવી પોલીસ અધિકારીઓ અથવા વરીષ્ઠ પબ્લીક પ્રોસીકયુટરોને આમંત્રિત સભ્ય તરીકે બેઠકમાં બોલાવી તેમની પણ સલાહ લેવામાં આવશે.

# ભાજપે વિધાનસભા ૨૦૨૭ની ચુંટણીઓની કરી તૈયારીઃ વિધાનસભા ચુંટણી માટે ભાજપે આજે ૧ જુલાઈથી રાજયમાં વન ડે વન એસેમ્બલી અભિયાન કર્યુ શરૂ



પ્રતિનિધિ,ગાંધીનગર

ગુજરાત ભાજપે આગામી ૨૦૨૭ ની વિધાનસભા ચુંટણીઓ જીતવા માટે અત્યારથી તૈયારીઓ શરૂ કરી દીધી છે. ગુજરાત ભાજપે વિધાનસભા ચુંટણીઓ માટે આજે તારીખ ૧ જુલાઈ થી ભાજપનુ વન ડે વન એસેમ્બલી અભિયાન શરૂ કર્યુ છે. સ્થાનિક સ્વરાજયની ચુંટણી બાદ ભાજપે મંથન કર્યુ છે. વિધાનસભા દીઠ ૩ કેટેગરીમાં બેઠકો નકકી કરાઈ છે. ભાજપ માટે નબળી વિધાનસભામાં અત્યારથી કામગીરી શરૂ કરાશે, વિધાનસભાના સ્થાનિક મુદ્દાઓ, સ્થાનિક પ્રશ્નો સહિતના મુદ્દે ભાર અપાશે. યુવા નેતાગીરી, સીનીયર નેતાઓની સક્રિયતાના મુદ્દા પર ભાર મુકાશે. સ્થાનિક મુદ્દા અને યુવા નેતૃત્વ પર ભાર, વિધાનસભા જીતવા ભાજપે શરૂ કરી છે મેગા તૈયારીઓ, ૨૦૨૭ ચુંટણીનુ વરસ છે, ભાજપ જીતને ટકાવી રાખવાના સતત પ્રયાસ કરે છે. યુવા સંવાદ કરવામાં આવશે, અનેક મુદ્દાઓ પર વાતચીત કરવામાં આવશે. આંતરીક જુથ વિવાદ ન થાય તેનુ પણ ધ્યાન રાખવામાં આવશે. ભાજપ હવે યુવા નેતૃત્વને પ્રાધાન્ય આપી રહ્યુ છે. ત્યારે એક યુવા નેતૃત્વને પ્રાધાન્ય મળે તેવા પ્રયાસો કરવામાં આવી રહ્યા છે. સૌથી નબળી બેઠક છે. તેના પર પણ ફોકસ કરવામાં આવશે, આજે તારીખ ૧ જુલાઈથી દાહોદ થી પ્રવાસ શરૂ કરવામાં આવ્યો છે. કહી શકાય કે ભાજપે ૨૦૨૭ ની કામગીરી શરૂ કરી દીધી છે. સ્થાનિક સ્વરાજયની પરીણામનુ મંથન કરવામાં આવશે. કઈ જગ્યાએ સારૂ પ્રદર્શન થયુ તો ખરાબ પ્રદર્શન કયાં થયુ તેની પણ ચર્ચા કરવામાં આવશે. કઈ જગ્યાએ વિપક્ષ મજબુત હતો, આ તમામ બાબતોનુ મંથન કરવામાં આવશે. આમ અનેક ફેકટરો પર મંથન કરવામાં આવશે.

# ગુજરાતના વહિવટી તંત્રમાં એકી સાથે ૩૫૦ થી વધુ સરકારી અધિકારીઓ અને કર્મચારીઓ થયા નિવૃત્ત



પ્રતિનિધિ,ગાંધીનગર

ગુજરાત રાજયના વહિવટી તંત્રમાં ગઈ કાલે એક ઐતિહાસિક અને નોધપાત્ર દિવસ રહ્યો હતો. રાજય સરકારના વિવિધ વિભાગોમાં ફરજ બજાવતા કુલ ૩૫૭ અધિકારીઓ અને કર્મચારીઓ ગઈ કાલે ૩૦ જુન ૨૦૨૬ ના રોજ નિવૃત્ત થયા હતા. આ નિવૃત્તિમાં વહિવટી સેવાના ઉચ્ચ અધિકારીઓથી લઈને પાયાના કર્મચારીઓનો સમાવેશ થાય છે. જેના કારણે સરકારી કચેરીઓમાં વિદાયની લાગણીસભર વાતાવરણ જોવા મળ્યુ હતું.

ગઈ કાલે નિવૃત્ત થયેલ યાદીમાં વહિવટી સ્તરે વ્યાપક ફેરફારો જોવા મળ્યા હતા. તેમાં મુખ્યત્વે રાજયના બે વરીષ્ઠ આઈએએસ અધિકારીઓ તેમની લાંબી સેવા બાદ ગઈ કાલે ૩૦ જુને નિવૃત્ત થયા હતા. રાજયના વિવિધ જિલ્લાઓમાં ફરજ બજાવતા નાયબ કલેકટર અને પોલીસ અધિક્ષક કક્ષાના અધિકારીઓનો પણ સમાવેશ થાય છે. સચિવાલયના વિવિધ વિભાગો અને જિલ્લા કક્ષાની કચેરીઓના કલાસ-૨ અને કલાસ-૩ ના કર્મચારીઓએ પણ ગઈ કાલે સરકારી સેવામાંથી નિવૃત્તિ લીધી હતી.

એક સાથે આટલી મોટી સંખ્યામાં અધિકારીઓની નિવૃત્તિને પગલે રાજય સરકારે હવે નવી નિમણુંકો અને ખાલી પડેલી જગ્યાઓ ભરવાની કવાયત હાથ ધરવી પડશે. ખાસ કરીને વહિવટી અને પોલીસ તંત્રમાં મહત્વના હોદ્દાઓ ખાલી થતા, રાજય સરકાર દ્વારા ટુંક સમયમાં બદલીઓ અને બઢતીઓનો દોર શરૂ થાય તેવી પ્રબળ શકયતા છે.

ગાંધીનગર સ્થિત સરકારી કચેરીઓમાં ગઈ કાલે નિવૃત્ત થયેલા અધિકારીઓ અને કર્મચારીઓ માટે વિદાય સમારોહનુ આયોજન કરવામાં આવ્યુ હતું. સહકર્મીઓએ તેમને ફુલહાર પહેરાવી અને મીઠાઈ ખવડાવીને તેમની ભાવી કારર્કિદી અને નિવૃત્તિ જીવન માટે શુભેચ્છા પાઠવી હતી. દાયકાઓ સુધી રાજયની જનસેવામાં યોગદાન આપ્યા બાદ ગઈ કાલે ૩૦ જુન ૨૦૨૬ ના રોજ સેંકડો પરીવારોમાં ભાવુક વાતાવરણ જોવા મળ્યુ હતું.

# તાપી જિલ્લામાં નાયબ મામલતદાર લાંચ લેતા ઝડપાયાઃ ખેતીની જમીનની એન્ટ્રી કરવા માંગી લાંચ




પ્રતિનિધિ,ગાંધીનગર

તસવીર યુનુસ મેમણ

તાપી જિલ્લામાં લાંચ રૂશ્વત વિરોધી બ્યુરો (એસીબી) દ્વારા એક મહત્વની કાર્યવાહી કરવામાં આવી છે. જેમાં એક જવાબદાર અધિકારી લાંચ લેતા રંગે હાથ ઝડપાઈ ગયા છે. નાયબ મામલતદાર પાર્થેશ કટારા વિરૂધ્ધ લાંચ માંગવાની ફરીયાદ મળ્યા બાદ એસીબીની ટીમે છટકુ ગોઠવીને તેમને લાંચ લેતા દબોચી લીધા છે.

એસીબી સુત્રો પાસેથી મળેલી માહિતી મુજબ એક ફરીયાદીએ તેમની ખેતીની જમીનને જરાયતમાંથી બાગાયતી જમીનમાં તબદીલ કરાવવા માટે અરજી કરી હતી. આ કામગીરી માટે નાયબ મામલતદાર પાર્થેશ કટારાએ ફરીયાદી પાસે ૨૫ હજાર રૂપીયાની લાંચની માંગણી કરી હતી. કામ કરાવવા માટે નાણાં આપવા તૈયાર ન હોવાથી ફરીયાદીએ આ અંગે એસીબીમાં ફરીયાદ નોંધાવી હતી. ફરીયાદ મળતાની સાથે જ એસીબીની ટીમે આ મામલે કડક વલણ અપનાવ્યુ હતું. ફરીયાદી અને આરોપી વચ્ચે લાંચની લેવડ દેવડ માટે નકકી કરેલા સ્થળે એસીબીએ વોંચ ગોઠવી હતી. જેવી ફરીયાદી પાસેથી લાંચની રકમ સ્વીકારવામાં આવી કે તરત જ એસીબીના અધિકારીઓએ પાર્થેશ કટારાને રંગે હાથ ઝડપી લીધા હતા. આ કાર્યવાહીથી તાપી જિલ્લાના રેવન્યુ વિભાગમાં ખળભળાટ મચી જવા પામ્યો છે. હાલ એસીબી દ્વારા આરોપીની વધુ પુછપરછ અને કાયદેસરની કાર્યવાહી હાથ ધરવામાં આવી છે.